Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
युंक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ० ૨૭ મું. વીર સં. ૨૪૫૬. સં. ૧૯૮૬ પૌષ. આત્મ સં. ૩૪. અંક ૬ ઠ્ઠો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.


| | |
|---|---|
| ૧ પંચમહાવ્રત રેખાદર્શન. | ... ૧૨૯ |
| ૨ પ્રશ્નોત્તર સમસ્યાઓ.... | ... ૧૩૦ |
| ૩ હિતકારક સૂક્ત વચનો. | ... ૧૩૨ |
| ૪ કાર્ય અને આશા. ... | ... ૧૩૩ |
| ૫ કાર્યવાહકોની મહત્તા.... | ... ૧૩૬ |
| ૬ શ્રી તીર્થંકર ચરિત્ર. ... | ... ૧૩૭ |
| ૭ જૈનોની સામાજીક સ્થિતિ અને બેકારી. ... | ... ૧૪૨ |
| ૮ સુખનું સંશોધન. ... | ... ૧૪૪ |
| ૯ આગામી મળવાની જૈન કોન્ફરન્સ માટે સૂચના. ... | ... ૧૪૬ |
| ૧૦ સ્વીકાર અને સમાલોચના. | ... ૧૪૮ |
| ૧૧ વર્તમાન સમાચાર. | ...૧૪૭–૧૪૮–૧૫૧ |


મુદ્રક—શા. ગુલાબચંદ લલ્લુભાઈ. આનંદ પ્રિ. પ્રેસ સ્ટેશન રોડ—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જલદી મંગાવો. તૈયાર છે. જલદી મંગાવો.

## શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું ચરિત્ર.

પ્રભુના પ્રથમ ગણધરના આગલા ભવનું અલૌકિક વર્ણન, ભગવાનના આગલા ભવો અને તીર્થંકરના ભવના પંચકલ્યાણકોનું સુંદર, ચિત્તાકર્ષક અને વિસ્તારપૂર્વક વૃત્તાંત, દેવતાઓએ કરેલ તે તે વખતની અપૂર્વ ભક્તિનું દરેક સમયનું વર્ણન, કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછીની બોધપ્રદ, જ્ઞેય, ઉપાદેય અને ઉચ્ચ શૈલીનો ઉપદેશ અનેક કથાઓ–અવાંતર કથાઓથી ભરપુર આ ચરિત્ર છે. ઉંચા એન્ટીક પેપર ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાઇ, ખેંચાણકારક બાઇડીંગથી સુશોભિત કરાવવામાં આ ગ્રંથ આવેલ છે. શેઠ દીપચંદ ભાંડાભાઇની આર્થિક સહાયવડે સીરીઝ તરીકે પ્રકટ થયેલ છે.

કિંમત રૂા. ૧–૮–૦ પોસ્ટેજ જુદું.

---

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટના પુસ્તકો.

આ માસમાં આપવા માટે ગયા અને તેની પહેલાંના અંકમાં જાહેર કર્યું હતું; પરંતુ આ શહેરમાં આજે ત્રણ માસથી તાવની સખ્ત બિમારી મોટા પ્રમાણમાં ચાલતી હોવાથી છાપખાનાના માણસો બિમાર પડી જતાં તૈયાર થઇ શકયા નથી તેથી ઢીલ થઇ છે, જેથી અમારા સુજ્ઞ સભાસદો દરગુજર કરશે. હવે તે તૈયાર થઇ જવા આવેલ છે જેથી તે ધારા પ્રમાણે દરેક ( લાઇફ ) સભાસદ બંધુઓને મોકલી આપવામાં આવશે.

---

## શ્રીવિમલનાથ પ્રભુનું ચરિત્ર.

શેઠ શ્રી અમરચંદ હરજીવનદાસની સહાયવડે તેમની સીરીઝ તરીકે
આ ગ્રંથ છપાયેલ છે.

અદ્વિતીય જીવન ચરિત્રના શિક્ષારૂપ બોધપ્રદ આ ગ્રંથ છે. આ ગ્રંથની રચના સંવત ૧૪૫૨ ની સાલમાં શ્રી જ્ઞાનસાગરસૂરિ મહારાજે કરી છે. પ્રભુ શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર, સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર અને જૈનધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. આ ચરિત્રની રચના પ્રતિભાશાળી, મનોહર, રસગૌરવ શૈલીથી અલંકૃત છે. ગ્રંથની રચના અલૌકિક અને તેમાં છુપાયેલ તાત્વિક બોધ અસાધારણ હોઇ તે વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, ધર્મરૂપી કલ્પવૃક્ષનું સ્વરૂપ સમજી, તેનો પ્રભાવ જાણી તેનો આદર કરતાં મોક્ષ સન્મુખ લઇ જાય છે. આ ગ્રંથમાં જે મહાન પ્રભુનું ચરિત્ર આપેલ છે, તે સમયમાં દેશની સામાજિક, નૈતિક, રાજકીય અને ધાર્મિક પ્રવૃત્તિ કેવી હતી તેનું પણ પઠન કરનારને ભાન થાય છે. શરૂઆતમાં અઢીદ્વીપ સંબંધી ગ્રંથકાર મહારાજે સંક્ષિપ્ત વર્ણન આપેલ હોવાથી, આ ચરિત્રવાંચનથી ભૂતકાળના ઇતિહાસ સાથે જૈન ભૂગોળનું પણ જાણપણું થાય છે. એકંદર રીતે આ ગ્રંથ દરેક મનુષ્યને પઠન–પાઠન કરવા જેવો હોઇ પોતાના નિવાસસ્થાનમાં, ભંડારમાં, પ્રસ્તકાલયમાં હોવો જોઇએ. રોયલ આઠ પેજી પીસ્તાળીશ ફોર્મ સાડા ત્રણશેંહ નેકાનેક ૯૦ રંગ સારા કાગળો ઉપર સુંદર ટાઇપથી ગુજરાતી ભાષામાં છપાવી સુંદર કવિશંકર રાવળ. અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૧–૧૨–૦ પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર છે. જલદી મંગાવો. તૈયાર છે.

( पूज्य श्री संघदासगणि–वाचकनिर्मितं. )

# ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

## प्रथमोंऽशः ।

## ( धम्मिल्लहिण्डिगर्भितः )

સંપાદકો તથા સંશોધકો–આદ્યાચાર્ય ન્યાયાંભોનિધિ શ્રીમદ્વિજયાનંદસૂરિશ્વરજી શિષ્યરત્ન પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય પ્રશિષ્યો મુનિરાજ શ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજ.

ચાર ચાર વર્ષ સુધી અથાગ પરિશ્રમ કરી. અનેક ભંડારોની પ્રતો મેળવી, પ્રેસકોપીની સાથે રાખી તપાસી, તેનું સંશોધન કરી આપવાથી ઉપરોક્ત મુનિરાજોની સાહિત્યસેવા અને જ્ઞાનભક્તિના ફળરૂપે આ ગ્રંથના પ્રથમ ખંડનો પ્રથમ અંશ મૂળ ( પ્રાકૃત ) ભાષામાં આજે પ્રકટ થાય છે. આ પ્રથમ અંશમાં સાત લંભકો આવેલા છે. આ ખંડનો તથા કર્તા મહાત્માનો પરિચય અને તે કેટલો ઉચ્ચ કોટીનો છે તે બીજા ભાગમાં આપવામાં આવશે. **આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે.** અનેક પૂજાઓમાં, ગ્રંથો વિગેરેમાં ઘણે સ્થળે આ ગ્રંથની સાધતો અપાય છે; કે જે પ્રકટ થવાની જૈનેતર સાક્ષરો, જૈનધર્મના યુરોપીયન અભ્યાસીઓ અને વિદ્વાન મુનિ મહારાજાઓ તરફથી રાહ જોવાતી હતી. તેનો યશ **સંપાદક મહાત્માઓ** તથા **સહાયદાતા** બંધુઓને જ ઘટે છે. ગયા વર્ષના માગશર માસના આત્માનંદ પ્રકાશ માસિકના ટાઇટલમાં જણાવ્યા મુજબ માત્ર જ્ઞાનભંડારો તથા તેના ખપી મુનિ મહારાજાઓના ઉપયોગ માટે જ, આર્થિક સહાય આપનાર બંધુઓની ઇચ્છા મુજબ આ ગ્રંથના ઉત્તરોત્તર ભાગો છપાયે જાય એવા ઉદ્દેશથી આ ગ્રંથની કિંમત રૂા. ૩–૮–૦ સાડા ત્રણ રૂપૈયા ( પોસ્ટેજ જુદું ) રાખવામાં આવેલ છે. આ પ્રથમ વિભાગ ઉંચા ક્રોક્ષલી લાયન બ્લુલેજર પેપર ( કાગળ ) ઉપર, નિર્ણયસાગર પ્રેસમાં આ ગ્રંથ માટે ખાસ ટાઈપો તૈયાર કરાવી, સુંદર શાસ્ત્રી વિવિધ ટાઇપો (અક્ષરો) માં છપાવેલ છે. પ્રથમ ગ્રાહકો કેટલાક થયેલા છે, થોડી નકલો બાકી છે. ઇતિહાસિક પ્રાચીનમાંપ્રાચીન કથા સાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા છે, સુકૃતની લક્ષ્મીનો વ્યય અને મનુષ્યજન્મનું સાર્થક કરવાની ઇચ્છાવાળા બંધુએ લાભ લેવા જેવું છે. તેમની ઇચ્છા પ્રમાણે સીરીઝ તરીકે, અડધી કિંમતે, કે ભેટ તરીકે સભા તે રીતે સાહિત્ય પ્રકટન અને પ્રચાર કરવાનો પ્રબંધ કરી શકશે. મળવાનું ઠેકાણું.—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति, स एव च वितानितः सूर्यरश्मिवायुभिर्हतः क्षिप्रं शोषमुपयाति, न च संहते तस्मिन्नभूत स्नेहागमोनापि वितानिते सति अकृत्स्न शोषः, तद्वद्यथोक्त निमित्तापवर्तनैः कर्मणः क्षिप्रं फलोपभोगो भवति, न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति ॥

तत्त्वार्थ सूत्र–भाष्य–द्वितीय अध्याय ।

पुस्तक २७ } वीर सं. २४६६ पौष. आत्म सं. ३४. { अंक ६ ठ्ठो.

## પંચમહાવ્રત રેખાદર્શન.

(દોહરો)

વિશ્વ પ્રેમિ વ્રત પંચ આ, આર્ય ધર્મિ આરાધ્ય;
રેખા વર્ણન રમ્ય આ, સાધક સાધન સાધ્ય. ૧

( નાથ કૈસે ગજકો બંધ છૂડાયો. એ ચાલ. )

મહાવ્રત પંચ સમઝવા ભ્રાતુ ! પૂર્વ મહર્ષિ કથિત કર વાતુ. .... મહા.
પ્રશ્ન પ્રભુત્વ પ્રકાશક જાની, જ્ઞાની જન સમઝાવે;
નૈસર્ગિક નિશ્ચલતા સાથે, દરશન દૈવી કરાવે..... .... .... મહા. ૧
[1]અહિંસા [2]સત્ય [3]અસ્તેય વળી[4]બ્રહ્મચર્યને [5]નિષ્પરિગ્રહનું;
સ્ફોટન કારણ ક્રમથી કરીએ, ઉદ્ઘાટન અન્તરનું; .... મહા. ૨
થાય પ્રતિષ્ઠિત પૂર્ણ પણે જ્યાં, "અહિંસા" અદ્વૈત સમાની;
જન્મ વિરોધી વૈર ત્યજી ત્યાં, વર્તે **મિત્ર** પ્રમાની. .... .... મહા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"સત્યવ્રત" સર્વાંગે પ્રતિષ્ઠિત, હોય જિહાં મમ બંધુ;
**વચન સિદ્ધ** વ્યવહાર અનુપમ, શરણુ તરણુ ભવ સિન્ધુ. .... મહા. ૪
તૃતીય વ્રત "અસ્તેય" કહાવે, એહ પ્રતિષ્ઠિત થાતાં;
પ્રકટ થાય **શ્રી** સર્વ છતાં પણુ, રંચ ન તે પર રાતાં. .... મહા. ૫
"બ્રહ્મચર્ય વ્રત" શુદ્ધ પ્રતિષ્ઠિત, બાહ્યાન્તર અવિકારી;
**વીર્ય લાભે** બળવાન બને એ, સત્ ચિદાનંદ વિહારી. .... મહા. ૬
"નિષ્પરિગ્રહ" ગ્રહ દૂર કરાવે, થાય પ્રતિષ્ઠિત જ્યારે;
'પૂર્વ જન્મનું જ્ઞાન સમુત્પન્ન', કર્મ ધ્વંસ કૃતિ ધારે. .... મહા. ૭
આર્ય મહર્ષિ પ્રણિત પ્રણાલી, તાત્વિક દોહન દ્વારા;
બતલાવી બંધન દૂર કરવા, વચનામૃત રસ ધારા. .... .... મહા. ૮
રેખા પંચ મહાવ્રતની આ, હૃદય રસાન્વિત કરશો;
આત્મિક અનુભવ મળતાં સહેજે, **પરમાતમ** પદ વરશો. .... મહા. ૯

વેલચંદ ધનજી.

# પ્રશ્નોત્તર સમસ્યાઓ

## ભાગ ૭ મો.

**(રચનાર–શાહ છગનલાલ નહાનચંદ નાણાવટી. વેજલપુર. ભરૂચ.)**

(દોહરા)

ચિત્ત કેવું ફળદાયકા, [1]દધિ ઉછળે શું દીઠ ?
**પ્રસન્ન-ચંદ્ર** શુભ ધ્યાનથી, પામ્યા કેવળ ઈષ્ટ. ૧
શું શોભે કર્ણુ થકી, કોણુ જે રક્ષક હોય ?
**ક્ષેત્ર-પાળ** સંતુષ્ટતાં, વિઘ્ન કરે નવ કોય. ૨
રહે અચળ કોણુ મહાવ્રતે, રંગ કેવો ગમે નેણુ ?
અદ્ભુત અવધાની ગુરૂ, **મુનિ-સુંદર** સૂરિસેણુ. ૩
શિવ સુખ કેરૂં મૂલ શું, સેવકે કોણુ સોહાય ?
ધન્ય **સુધર્મા-સ્વામીનું**, ઘર ઘર નામ ગવાય. ૪

૧–દધિ=સમુદ્ર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપ અંતે શું સાંપડે, કવણુ નામ ગિરિશૃંગ ?
**રાજ-શેખર** રંગે રમો, ઘર બેઠાં મળે ગંગ. ૫

કોણુ મ્હાલે નંદન વને, શું પામે પુણ્યવંત ?
જ્ઞાનારૂઢ કર્યું પુસ્તકે, ગણિ **દેવર્દ્ધિ** મહંત. ૬

વસુ સાટે શું વહોરીએ, શું કરીએ જળ પેહેલ?
મહાભાગ્ય મંત્રિશ્વરૂ, **વસ્તુ–પાળ** વસુવેલ. ૭

શું વાધે શીયલ વ્રતે, સરોવર પરિઘ શું નામ?
**તેજ-પાળ** સામંત શૂરા, વર્યા વિજય સહુ ઠામ. ૮

નિમગ્ન કોણુ ઉપશમ રસે, દોષ રહિત કયું દાન?
મહાપ્રભાવિક પુણ્યવંત, **જીન-દત્ત** સૂરિ વિદ્વાન. ૯

શું વર્તે સહુ સાવધાન, રૂપ કેવું શોભાય ?
**સમય-સુંદર** ગુણુગાવતાં, રસના બહુ હરખાય. ૧૦

કોણુ રમે સંયમ વિષે, કોણુ તારાનો સ્વામ ?
ઉત્તર સત્વર આપજો, **મુન-ચંદ્ર** મુનિ નામ. ૧૧

કોણુ સદા જય મેળવે, શું ધારે રવિચંદ્ર ?
**અજીત-પ્રભ** અવધારતાં, વરતે બહુ આનંદ. ૧૨

કોણુ રચે જીન ત્રીગડું, ગચ્છનાયક કોણુ થાય ?
**દેવ-સૂરિ** દિલ દાખતાં, દુગ્ધા દિલની જાય. ૧૩

નામ શું ઉજ્વળ પક્ષનું, શું ધરતાં મળે ધ્યેય ?
**શુકલ ધ્યાન** ધ્યાતાં થકાં, થાય પાપનો ક્ષય. ૧૪

કોણુ શોભે પ્રાતિહાર્યથી, ભલું સૌથી કયું નામ?
જશ ગાવા **જીન-ભદ્ર**ના, ઉછળે આતમરામ. ૧૫

---

૨–દેવર્દ્ધિ=દેવ+ઋદ્ધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિતકારક સૂકત વચનો.

૧ સંપત્તિ સમયે કુલાઇ જઇ આત્મ સંયમ ખોવો નહીં તેમજ દુઃખ આવે ત્યારે ગમગીન બની પુરૂષાર્થ છોડવો નહીં.

૨ મનની ઈચ્છા વિરૂદ્ધ ઇન્દ્રિયોથી ઘસડાઇ જવું તે પોતાની માણસાઈ ( મનુષ્યત્વ ) ખોઇ બેસવા બરોબર છે.

૩ જો આપણે આપણી પાશવ વૃત્તિઓને આપણે સ્વાધીન કરી ન શકીએ તો પશુઓમાં ને આપણામાં રતિભાર ભેદ ( તફાવત ) નથી. આપણે મનુષ્યરૂપમાં પશુ સમાન જ ગણાવાને લાયક છીએ. માટે પોતાનું મનુષ્યત્વ સિદ્ધ કરવાને ઇન્દ્રિયોને અને શરીરને પ્રથમ વશ કરવાં જોઇએ.

૪ ધ્યાન માર્ગનું પ્રથમ પગથીયું ઇન્દ્રિય નિગ્રહ અને બીજું મનોનિગ્રહ છે, જે અતિ વિકટ–દુષ્કર છે, તેમ છતાં તે ખાસ કર્તવ્ય છે. પૂર્વે કઇક મહાનુભાવોએ તેમ કરેલ છે અને વર્તમાનમાં પણ કોઇ વિરલા તેમ કરી શકે છે.

૫ મન અતિ ચંચળ છે તેમ છતાં વૈરાગ્ય અને અભ્યાસવડે તે વશ થઇ શકે એમ છે. અભ્યાસને શું દુષ્કર છે ?

૬ અભ્યાસ પણ લક્ષ સહિત નિયમિત હોય તો ચોક્કસ લાભ થાય.

૭ સાધનો અનેક છતાં સાધ્ય એક છે.

૮ અધિકાર યા યોગ્યતા–પાત્રતા પરત્વે સાધનો અનેક છે.

૯ જે વિષય ( સાધન ) માં માણસને રસ–આનંદ પડે છે તે વિષય ઉપર ચિત્તની એકાગ્રતા સુખે સંભવી શકે છે.

૧૦ જો મરણનો ભય મનની એકાગ્રતા કરાવી શકે તો આત્મ દર્શનનો પ્રેમ માણસને કેમ એકાગ્ર બનાવી ન શકે ?

૧૧ ગમે તેવા વિકટ પ્રસંગમાં પણ નિરાશ નહીં થતાં તે તે પ્રસંગોની પાર જવા આત્માનું સામર્થ્ય અંતરમાં રહેલું છે, એવી આત્મ શ્રદ્ધા દ્રઢ રાખવાથી અને એક નિષ્ઠાથી આત્માવલંબી થવાથી અનહદ લાભ થઈ શકે છે. થઇ શકશે.

૧૨ આપણા નિમિત્તે આપણી ગફલતથી કહો કે પ્રમાદશીલતાથી સદ્દગુણી જનોને દીલ–દુઃખ થવા ન પામે, અને તેમ થતાં તેમની ક્ષમા યાચવા પ્રમાદ ન સેવાય એ કલ્યાણાર્થી જનોને ઉચિત છે.

ઇતિશમ્

સદ્દગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કાર્ય અને આશા.

વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.

( અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૦૦ થી )

આપણે આપણા મનોક્ષેત્રમાં જેવાં બીજ વાવીએ છીએ તેવાં જ વૃક્ષ ઉગે છે. જો આપણે એમાં દુ:ખ, દરિદ્રતા, દ્રોહ, વૈર કે વિરોધનાં બીજ વાવશું તો ફલ પણ એવાંજ આવશે, તેમજ જો આપણે એમાં સુખ, સંતોષ, સમૃદ્ધિ, ઐકય, પ્રેમ, દયા કે સહાનુભૂતિનો વિચાર વાવશું તો એમાંથી ફળ પણ મીઠાં અને સુમધુર જ નીકળશે.

ધારી લ્યો—મન વચન કાયાથી એક વાત માની લ્યો કે અત્યારે આપણે જેવા થવા ઇચ્છીએ છીએ, જેવો આપણો આદર્શ છે તેવા જ મનુષ્ય છીએ. આપણે નિર્બળ, દરિદ્ર નહિ, પરંતુ શક્તિયુક્ત, સમૃદ્ધિયુક્ત અને મહાન્ આત્મા છીએ. એમ કરવાથી થોડા જ દિવસોમાં આપણને ખબર પડશે કે આપણા આદર્શની સિદ્ધિ ઘણી જ શીઘ્રતાથી આપણામાં થઇ રહી છે અને એ આદર્શોથી આપણું ચારિત્ર પરિપુષ્ટ થઇ રહ્યું છે.

આપણને જરૂર છે એવા ગુણોની કે જે આપણને ઉંચે ચઢાવે, આપણને જરૂર છે એ ગુણોની કે જે આપણા આત્મામાં દિવ્યતા લાવે, આપણને જરૂર છે એ ગુણોની કે જે આપણા વિકાસ ઉપર દિવ્ય પ્રકાશ નાંખે, આપણને આવશ્યક્તા છે એ ગુણોની કે જે આપણી નિર્માણ શકિતને સતેજ કરે અને આપણા અકર્મણ્યતા, દુ:ખ તથા દારિદ્રનો નાશ કરે.

જે વખતે ભૂમિની, વાયુ મંડળની, સૂર્ય પ્રકાશની તથા વરસાદની રાસાયણિક શકિત વૃક્ષોપર, ફળો ઉપર પોતાનો રાસાયણીક પ્રભાવ પાડવાનું છોડી દે છે, ત્યારથીજ તે બધી વસ્તુના નાશની શરૂઆત થઇ ચુકે છે. તેઓમાં એ નાશકારક પદાર્થ દાખલ થવા લાગે છે કે એના નાશનું કારણ બને છે; તેવીજ રીતે જ્યારે મનુષ્યમાં ઉત્પાદક શકિત કે જે આત્મા તથા મનને સુસંગઠિત કરે છે તેનો આવિર્ભાવ થતો બંધ થઇ જાય છે ત્યારે તેની દશા પણ તે વૃક્ષો જેવીજ થવા લાગે છે. નાશક તત્વ એને ખાવા લાગે છે.

વેગ - જ્યારે મનુષ્ય પોતાના મનોભાવને સુનિશ્ચિત કરી લે છે ત્યારે તેનામાં બીજા કે ખરાબ વિચાર પ્રેરણાથી બચવાની શકિત આવી જાય છે. તમને કોઇ સ્થિતિમાં રાખવામાં આવે કે જ્યાં તમને ચારે તરફથી સઘળું ખરાબ જ સાંભળવાનું મળે, એવી સ્થિતિમાં જો તમે તમારા મનને એવી સ્થિતિથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપન્ન કરી રાખ્યું હશે કે જે તમને એના ખરાબ પ્રભાવથી બચાવી લે તો તમે એના વિઘાતક પંજાથી રક્ષણ પામી શકશો.

એથી ઉલટું જો આપણે આપણા મનોભાવ ને બુરાઇને અનુકુળ બનાવીએ, જો આપણે તેને બુરાઇ ગૃહણ કરનાર બનાવીએ, જો આપણે આપણા મનથી એને પ્રોત્સાહન આપીએ, તેનો આદર કરીએ તો તે આપણી ઉપર પોતાનો જબરદસ્ત પ્રભાવ જમાવવો શરૂ કરી દેશે.

જો આપણે આપણા મનને આપણા ઉદ્દેશની તરફ ઝુકાવી રાખીએ, જો આપણે આપણા જીવન-પ્રવાહને તથા આત્મિક શકિતઓના પ્રવાહને આપણા અંતિમ ઉદ્દેશની તરફ વ્હેતો રાખીએ તો આપણને એવા અલૌકિક સાધનની પ્રાપ્તિ થશે કે જેનાથી આપણી ઇષ્ટસિદ્ધિ કરી શકશું.

વિરોધ ઉત્પન્ન કરનારા વિચારો આપણા પરિશ્રમને પંગુ બનાવી દે છે. જો આપણે કાર્ય-સંપાદિકા શકિત ઉત્પન્ન કરવા ઇચ્છીએ તો આપણામાં તલ્લીનતા, એકતા, માનસિક શાંતિ તથા વિચાર-સ્વાતંત્ર્ય ઉત્પન્ન કરવા જોઇએ. આ વાત બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કે આપણો વિચાર-પ્રવાહ જીવનનાશક હોવાને બદલે જીવનપ્રદ હોવો જોઇએ. જે માનસિક પ્રવાહ ધૈર્યથી ભરેલો હોય છે, આત્મવિશ્વાસથી પૂર્ણ હોય છે તે એક એવું વિદ્યુત-શક્તિયુકત બળ બને છે કે તે સફળતા તથા વિજયને આપણી તરફ ખેંચી લાવે છે.

જે મનુષ્યો અસફલતા અને અવિજયના પંજામાં ફસાયલા છે તેઓ આ પ્રકારના વિચારો દૂર કરે તો પોતાની જાતને એ પંજામાંથી મુકત કરી શકે છે. આપણાં મનને ભય, ચિંતા, દુઃખ, દારિદ્રય, આધિવ્યાધિથી સાફ કરવું અને તેને પ્રબલ, આશાજનક, ઉન્નતિપ્રદ વિચારોથી ભરવું એ એક ઉત્તમ વિદ્યા છે.

આપણા માનસિક ભાવોને, આપણી આશાઓને, આપણી કીર્તિને આપણી સફલતા સાથે ઘનિષ્ટ સંબંધ છે. બીજા લોકો આપણને કેવા ગણે છે તેની સાથે પણ આપણી સફલતાને સંબંધ રહેલો છે. જો બીજા લોકો આપણો વિશ્વાસ ન કરતા હોય, જો તેઓ આપણને ભીરૂ અને નિર્બળ માનતા હોય તો સમજી લેવું કે આપણો માનસિક પ્રકાશ મંદ છે, આપણી માનસિક શકિત અશકત અને નિર્બળ છે. તેથી જ આપણે મહાન્ અથવા મહત્વના પદે નહિ પહોંચી શકીએ.

જે મનુષ્ય વિજયી જીવન વ્યતીત કરતો હોય છે, વિજયી બનીને ચારે તરફ ફરતો હોય છે અને જે પરતન્ત્રતાની ધુંસરી લગાડીને સંસારમાં જીવતો હોય છે તે એની વચ્ચે મહાન્ તફાવત છે.

અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસિડન્ટ રૂઝવેલ્ટ કે જે પોતાની શકિતનો પ્રકાશ ચોતરફ ફેલાવે છે તેની સાથે જે લોકો ડરપોક છે, નિર્બલ છે, દાસત્વ ધરાવનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, જેનો પ્રભાવ દુનિયાના લોકો ઉપર ઘણોજ થોડો પડે છે, તેઓની તુલના કરશો તો તમને એ બન્નેના તફાવતની ખબર પડશે. સંસાર એ વીરપુરૂષનું સન્માન કરે છે, તેની પૂજા કરે છે કે જે દાસ નહિ પણ વિજયી બનીને બહાર આવે છે; જે દુનિયાને એવી દૃઢ પ્રતીતિ કરાવી આપે છે કે વિજય અવશ્યંભાવી છે.

આપણી શકિતમાં વિશ્વાસ હોવો એજ સંસારમાં એનો પ્રકાશ કરવા બરાબર છે. જો તમારા માનસિક ભાવોમાં શકિતની સ્ફુર્તિ નહિ હોય તો દુનિયા તમને શકિતશાળીના પદથી સન્માનિત નહિ કરે.

કેટલાક લોકોને એ વાતનું આશ્ચર્ય થાય છે કે સમાજમાં તેઓ આટલા બધા હલકા કેમ ગણાય છે ? તેઓનું વજન કેમ વધતું નથી ? તેનું કારણ એજ છે કે નથી તેઓ પોતાની જાતને વિજયી માનતા, કે નથી તેઓ વિજયી મનુષ્ય જેવું આચરણ કરતા. તેઓ પોતાનાં મનમાં વિજયના ઉત્સાહપૂર્ણ વિચારોનો પ્રવાહ વ્હેવડાવતા નથી. તેઓ હંમેશાં નિર્બલતાનાજ ભાવો ઉત્પન્ન કરે છે. જ્યાં સુધી શકિત પ્રકાશના રહસ્યનું જ્ઞાન નથી થતું ત્યાં સુધી કોઇપણ મનુષ્ય પ્રભાવશાળી થઇ શકતો નથી. નિશ્ચયાત્મક પ્રકૃતિયુકત મનુષ્ય જ પ્રભાવશાળી થઇ શકે છે. વીર પુરૂષોએ પહેલાં તો માનસિક વિજય પ્રાપ્ત કર્યો હોય છે અને પછી સાંસારિક.

આપણે આપણાં બાળકોનાં મન વિજયના વિચારોથી ભરી દેવાં જોઇએ. તેઓને સમજાવવું જોઇએ કે તમારૂં જીવન વિજય માટે જ નિર્માયલું છે. જીવન સફલતા પ્રાપ્ત કરવા માટે જ છે, વિજયી મનુષ્યને જ સંસારમાં સ્થાન મળે છે, વિજયી મનુષ્યનું કહેવું સંસાર માને છે, તેના એક વેણ માત્રથી સંસારમાં મહાન્ પરિવર્તન થઇ જાય છે, એથી ઉલ્ટું નિર્બળ મનુષ્યને સંસારમાં સ્થાન નથી મળતું. અત્યાચારોથી બચવાની શકિત નહિ હોવાને લઈને તેના ઉપર મોટા મોટા અત્યાચાર ગુજારવામાં આવે છે. પ્રત્યેક સ્થળે લાત ખાય છે, ઘોર અપમાન સહન કરે છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો વિજય એજ જીવન અને અવિજય એજ મૃત્યુ છે.

સાચું છે કે લોકો આપણે જે કાંઇ બોલીયે છીયે તેનાથી આપણું વજન આંકતા નથી, પરંતુ આપણે જે કાંઇ છીએ તેનાથી આપણું વજન આંકે છે. આપણે ગમે તેવી મોટી વાતો કરીએ, પરંતુ તેના ઉપર આપણા માનસિક પ્રકાશની જે થોડી–ઘણી પ્રભા પડે છે તેનાથી તેઓ આપણા પ્રભાવની કિમ્મત કરે છે. તમે ગમે તેટલી અતિશયોકિત ભરેલી વાતો કરો, પણ તેનાથી તમે બીજાના વિચારોમાં પરિવર્તન નહિ કરી શકો. જો તમારા હૃદયમાં દ્વેષ અને પ્રતિહિંસાના વિચારો ગુંજી રહ્યા હોય છે, જો તમારૂં અંતઃકરણ ઇર્ષ્યાથી બળી રહ્યું હોય છે, તમારા મનમાં નિર્દયતા ધુસી ગઇ હોય છે તો બીજા મનુષ્યો તમારા મનના એ સઘળા કુભાવો સત્વર જાણી જાય છે. જ્યાં સુધી આપણે આપણા બધાય માનસિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવો બદલી નહિ નાંખીએ ત્યાં સુધી આપણે આપણી માનસિક પ્રભામાં જરાપણ ફેરફાર નહિ કરી શકીએ.

જરા એ મનુષ્યની શોચનીય દશા તરફ નજર કરો. જે એમ કહેતો હોય છે કે "હે સમૃદ્ધિ ! તું મારાથી દૂર રહેજે. મારી પાસે આવીશ નહિ. જરૂર હું તને પ્રાપ્ત કરવા ઇચ્છું છું, પરંતુ તું મારા માટે સર્જાયલી નથી. મારૂં જીવન અત્યંત લાચાર છે. જો કે હું ઇચ્છું છું કે ભાગ્યશાળીને પ્રાપ્ત હોય એવી બધી સારી વસ્તુઓ મને પ્રાપ્ત થાય; પરંતુ હું આશા નથી રાખતો કે તે વસ્તુઓ મને મળશે."

આવા વિચારો જે મનુષ્યના હોય છે તેઓની પાસે સમૃદ્ધિ કે ઐશ્વર્ય ફરકશે પણ નહિ. જેના મનમાં ભય, ચિંતા કે સંશય રહેલા હોય છે તેની પાસે ઐશ્વર્યનો સંચાર થઇ શકતો નથી.

એટલું સાચું છે કે મનુષ્ય પોતે એમ નથી ઇચ્છતો કે મારી પાસે સુખ, સમૃદ્ધિ, કે ઐશ્વર્ય ન આવે, પરંતુ તે પોતાનાં મનને સંશય તથા ભયથી ભરી દે છે. આત્મવિશ્વાસને ત્યાંથી બહાર હાંકી કાઢે છે, તે સાથે ઐશ્વર્યને પણ બહાર હાંકી કાઢે છે.

પરંતુ સમય આવી લાગ્યો છે કે જ્યારે આપણે લોકો આપણા મનને ઉત્પાદક શક્તિથી ભરી દેશું ત્યારે આપણું જીવન ઐશ્વર્યથી પરિપૂર્ણ થઇ જશે. અસ્તુ !

## કાર્યવાહકોની મહત્તા.

" કુછ કરતે હયઁ યહાં વહી, એગુસ્તેનુમા હયઁ,
બદનામ હી દુનિયામે, નિકો નામ હયૂ ગોયા.
નાચીજ હયૂ વો નામ નહિ, જિસ્પે કુછ ઇલ્જામ;
જો કામ હયૂ ઉન્કા યહી, ઇનામ હયૂ ગોયા. "

અર્થ—જેમનું જીવન કોઇ કાર્યમાં નિમગ્ન થયેલું હોય છે, અથવા તો જેમનું ધ્યાન કેવળ પોતાના કર્તવ્યમાંજ પરોવાયેલું હોય છે, તે મનુષ્યો પ્રતિજ ચારે તરફથી આંગળીઓ ઉચકાતી રહે છે. એટલે કે જ્યાં જુઓ ત્યાં તેમનીજ સમાલોચના થતી રહે છે, અને એથી જાણે આ સંસારમાં બદનામીનુંજ બીજું નામ નેકનામી હોયની એવોજ ભાસ થયા કરે છે. જેના નામપર કોઇ આક્ષેપ નથી કરતું તેનું નામ તુચ્છ છે, સારહીન છે; કારણ કે કાર્યકર્તાના કાર્યની મહત્તાનો આક્ષેપો દ્વારાજ પ્રકાશ થાય છે અને તેથી ઉત્તમ કાર્યોનો જો કોઇપણ પુરસ્કાર હોય, તો તે વિરોધીઓના આક્ષેપોજ છે.

+ ઉર્દૂ ભાષાના પ્રખ્યાત કવીશ્વર જન્નતનશીન અલ્તાફહુસેન હાલીના કાવ્યોમાંથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગીયાર અંગોમાં નિરૂપણ કરેલ

# શ્રી તીર્થંકર ચરિત્ર.

[ ગતાંક પૃષ્ટ ૧૨૫ થી શરૂ ]

૧ આધાકર્મિક, ૨ ઔદ્દેશિક, ૩ મિશ્રજાત, ૪ અધ્યવપૂરક, ૫ પ્રતિકૃત, ૬ ક્રીત, ૭ પ્રામિત્ય, ૮ અચ્છેદ્ય, ૯ અનિઃસૃષ્ટ, ૧૦ અભ્યાહૃત, ૧૧ કાંતારભકત, ૧૨ દુર્ભિક્ષભકત, ૧૩ ગ્લાનભકત, ૧૪ વાર્દલિકા ભકત, ૧૫ પ્રાઘુર્ણક ભક્ત, ૧૬ શય્યાતરપિંડ, ૧૭ રાજપીંડ, તેમજ **મૂલનું** ભોજન, **કંદનું** ભોજન, ફલનું ભોજન, બીજનું ભોજન, અને હરિત ( લીલી વનસ્પતિ )નું ભોજન ખાવું કે પીવું કલ્પતું નથી.

વળી હે પુત્ર ? તું સુખને યોગ્ય છો પણ દુઃખને યોગ્ય નથી, તેમજ ટાઢ, તડકા, ભૂખ, તરશ, ચોર, શ્વાપદ, ડાંસ અને મચ્છરનાં ઉપદ્રવોને તથા વાતિક, પૈતિક, શ્લૈષ્મિક અને સન્નિપાતજન્ય વિવિધ પ્રકારનાં રોગો અને તેનાં દુઃખોને તેમજ પરિષહ અને ઉપસર્ગોને સહવાને તું **સમર્થ** નથી, માટે હે પુત્ર, અમે તારો વિયોગ ક્ષણપણ ઇચ્છતા નથી; તેથી જ્યાંસુધી અમે જીવીયે ત્યાંસુધી તું રહે અને અમારા કાલગત થયા પછી યાવત્ તું દીક્ષા લેજે.

ત્યારપછી તે જમાલી નામે ક્ષત્રિયકુમારે પોતાનાં માતાપિતાને કહ્યું કે—હે માતાપિતા, તમે મને જે એ પ્રમાણે કહ્યું કે—" હે પુત્ર, નિર્ગ્રંથ પ્રવચન સત્ય, અનુત્તર અને અદ્વિતીય છે. ઇત્યાદિ યાવત....અમારા કાલગત થયા પછી દીક્ષા લેજે." તે ઠીક છે, પણ હે માતા-પિતા, એ પ્રમાણે ખરેખર **નિર્ગ્રંથ પ્રવચન** કલીબ-મન્દશક્તિવાળા, કાયર, અને હલકા પુરૂષોને તથા આ લોકમાં આસકત, પરલોકથી પરાઙ્મુખ, એવા વિષયની તૃષ્ણાવાળા, સામાન્ય પુરૂષોને તેનું અનુપાલન દુષ્કર છે. પણ **ધીર, નિશ્ચિત,** અને **પ્રજ્ઞાવાન્ પુરૂષને** તેનું અનુપાલન જરાપણ **દુષ્કર** નથી. માટે હે માતપિતા, હું તમારી અનુમતિથી શ્રમણ ભગવંત મહાવીરની પાસે યાવદ્ દીક્ષા લેવાને ઇચ્છું છું. જ્યારે જમાલી ક્ષત્રિયકુમારને તેના માતાપિતા વિષયને અનુકુલ તથા પ્રતિકુલ એવી ઘણી ઉક્તિઓ, પ્રજ્ઞપ્તિઓ, સંજ્ઞપ્તિઓ અને વિનતિઓથી કહેવાને યાવત્ સમજાવવાને શકિતમાન્ ન થયા ત્યારે **વગર ઇચ્છાએ** તેઓએ જમાલી ક્ષત્રિયકુમારને દીક્ષા લેવાની **અનુમતિ** આપી.

ત્યારપછી તે જમાલી ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અને** બોલાવીને કહ્યું કે—હે દેવાનુપ્રિયો, શીઘ્ર આ ક્ષત્રિયકુંડગ્રામ નગરની બહાર અને અંદર **પાણીથી છંટકાવ** કરાવો, વાળીને સાફ કરાવો અને લીંપાવો. ઇત્યાદિ જેમ **ઔપપાતિક**સૂત્રમાં કહ્યું છે તેમ કરીને યાવત્ તે કૌટુંબિક પુરૂષો આજ્ઞા પાછી આપે છે, ત્યારબાદ ફરીને પણ જમાલી ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા, કહ્યું કે—હે દેવાનુપ્રિયો, જલદી જમાલી ક્ષત્રિયકુમારનો મહાર્ઘ, મહામૂલ્ય, મહાપૂજ્ય, અને મોટો **દીક્ષાનો અભિષેક** તૈયાર કરો; ત્યારબાદ તે કૌટુંબિક પુરૂષો કહ્યા પ્રમાણે કરીને આજ્ઞા પાછી આપે છે; ત્યારબાદ જમાલી ક્ષત્રિયકુમારને તેના માતાપિતા ઉત્તમ સિંહાસનમાં પૂર્વદિશા સન્મુખ બેસારે છે અને બેસારીને એકસો આઠ સોનાના કલશોથી ઇત્યાદિ **રાજપ્રશ્નીય**સૂત્રમાં કહ્યા પ્રમાણે યાવત્ એકસોનેઆઠ માટીનાં કલશોથી સર્વ ઋદ્ધિ વડે યાવદ્ મોટા શબ્દોવડે મોટા મોટા નિષ્ક્રમણાભિષેકથી તેનો **અભિષેક** કરે છે.

અભિષેક કર્યા પછી તે જમાલી ક્ષત્રિયકુમારનાં માતા પિતા હાથ જોડી યાવત્ તેને જય અને વિજયથી વધાવે છે. વધાવીને તેઓએ કહ્યું કે—હે પુત્ર, તું કહે કે તને અમે શું દઇએ; શું આપીએ, અથવા તારે કાંઇ પ્રયોજન છે? ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારે પોતાના માતાપિતાને કહ્યું કે—હે માતા-પિતા, હું **કુત્રિકાપણથી** એક **રજોહરણ** અને એક **પાત્ર** મંગાવવા તથા એક **હજામને** બોલાવવા ઇચ્છું છું. ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા, અને કહ્યું કે—હે દેવાનુપ્રિયો! શીઘ્ર આપણાં ખજાનામાંથી ત્રણ લાખ સોનૈયાને લઇને તેમાંથી **બેલાખ** સોનૈયા વડે કુત્રિકાપણથી એક **રજોહરણ** અને એક **પાત્ર** લાવો, તથા **એક લાખ** સોનૈયા આપીને એક **હજામને** બોલાવો, જ્યારે જમાલી ક્ષત્રિયકુમારનાં પિતાએ તે કૌટુંબિક પુરૂષોને એ પ્રમાણે આજ્ઞા કરી ત્યારે તેઓ ખુશ થયા, તુષ્ટ થયા, અને હાથ જોડીને યાવત્ પોતાનાં સ્વામીનું વચન સ્વીકારીને તુરત જ ખજાનામાંથી ત્રણ લાખ સુવર્ણમુદ્રા લઇને યાવત્ હજામને બોલાવે છે; ત્યારબાદ જમાલી ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરૂષો દ્વારા બોલાવેલો તે હજામ ખુશ થયો, તુષ્ટ થયો, ન્હાયો અને બલિકર્મ (પૂજા) કરી યાવત તેણે પોતાનું શરીર શણગાર્યું અને પછી જ્યાં જમાલી ક્ષત્રિયકુમારનો પિતા છે ત્યાં તે આવે છે.

પછી હાથ જોડીને જમાલી ક્ષત્રિયકુમારનાં પિતાને જય અને વિજયથી વધાવે છે; વધાવ્યા પછી તે હજામ બોલ્યો કે—હે દેવાનુપ્રિય, જે મારે કરવાનું હોય તે ફરમાવો. ત્યારપછી તે જમાલી ક્ષત્રિયકુમારના પિતાએ તે હજામને કહ્યું કે—હે દેવાનુપ્રિય! જમાલી ક્ષત્રિયકુમારનાં અત્યન્ત યત્નપૂર્વક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ચારઅંગુલ** મૂકીને નિષ્ક્રમણને ( દીક્ષાને ) યોગ્ય આગળનાં વાળ કાપી નાંખ, ત્યારપછી જ્યારે જમાલી ક્ષત્રિયકુમારના પિતાએ તે હજામને એ પ્રમાણે કહ્યું ત્યારે તે ખુશ થયો, તુષ્ટ થયો અને હાથ જોડીને બોલ્યો—કે સ્વામિન, આજ્ઞા પ્રમાણે કરીશ. એમ કહીને વિનયથી તે વચનનો સ્વીકાર કરે છે, સ્વીકાર કરીને સુગંધી ગંધોદકથી હાથપગને ધુએ છે. ધોઇને શુદ્ધ **આઠ પડવાળા વસ્ત્રથી** મોઢાને **બાંધી** અત્યંત યત્નપૂર્વક જમાલી ક્ષત્રિયકુમારના નિષ્ક્રમણ યોગ્ય અગ્ર-કેશો ચાર આંગળ મૂકીને કાપે છે.*

ત્યારપછી જમાલી ક્ષત્રિયકુમારની માતા હંસના જેવા શ્વેત **પટશાટકથી** તે અગ્રકેશોને ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને તે કેશોને સુગંધી ગંધોદકથી **ધુએ** છે, ધોઇને ઉત્તમ અને પ્રધાન **ગંધ** તથા **માલાવડે પૂજે** છે, પૂજીને શુદ્ધ વસ્ત્રવડે બાંધે છે, બાંધીને **રત્નના કરંડીયામાં** મૂકે છે. ત્યારપછી તે જમાલી ક્ષત્રિય કુમારની માતા, હાર, પાણીની ધારા, સિંદુવારનાં પુષ્પો અને તુટી ગયેલી મોતીની માળા જેવાં, પુત્રનાં વિયોગથી દુઃસહ–આંસુ પાડતી, બોલી કે—આ **કેશો** અમારા માટે ઘણી તીથીઓ, પર્વણીઓ, ઉત્સવો, યજ્ઞો અને મહોત્સવોમાં **જમાલીકુમારનાં વારંવાર દર્શનરૂપ થશે.** એમ ધારીને ઓશીકાના મૂળમાં મૂકે છે.

ત્યારબાદ તે જમાલી ક્ષત્રિકુમારનાં માતાપિતા પુનઃ ઉત્તર દિશા સન્મુખ બીજું સિંહાસન મુકાવે છે, મુકાવીને ફરીવાર જમાલી કુમારને સોના અને રૂપાનાં કલશો વડે **ન્હવરાવે** છે. ન્હરાવીને સુરભિ, દશાવાળી, અને સુકુમાળ સુગંધી ગંધ કાષાય ( ગન્ધ પ્રધાન લાલ ) વસ્ત્ર વડે તેના અંગોને લુંછે છે. અને અંગોને લુંછીને સરસ ગોશીર્ષ ચન્દનવડે ગાત્રનું **વિલેપન** કરે છે.

વિલેપન કરીને નાસિકાના નિઃશ્વાસના વાયુથી ઉડી જાય એવું હલકું, આંખને ગમે તેવું સુંદર વર્ણ અને સ્પર્શથી સંયુકત, ઘોડાની લાળ કરતાં પણ વધારે નરમ, ધોળું, સોનાના કસબી છેડાવાળું, મહામૂલ્યવાળું અને હંસના ચિન્હ યુકત એવું **પટશાટક** ( રેશમી વસ્ત્ર ) પહેરાવે છે.

પહેરાવીને હાર, અને અર્ધહારને પહેરાવે છે. એ પ્રમાણે જેમ સુર્યાભનાં અલંકારનું વર્ણન કરેલું છે તેમ અહીં કરવું. યાવત્ વિચિત્ર રત્નોથી જડેલા ઉત્કૃષ્ટ મુકુટને પહેરાવે છે. વધારે શું કહેવું ? પણ ગ્રંથિમ–ગુંથેલી, વેષ્ટિમ–વીંટે-લી, પુરિમ–પુરેલી અને સંઘાતિમ પરસ્પર સંઘાત વડે તૈયાર થયેલી ચારે પ્રકારની

* હજામે હજામત કરતાં રાજકુમારને પોતાના મુખ નાકની દુર્ગંધ ન લાગે તે માટે આ મુખપટ બાંધેલ છે, જ્યારે સ્થાનકમાર્ગી સાધુઓ આ પાઠને આગળ ધરી મુખે દોરાથી મુહપત્તિ બાંધવાની માન્યતાને આગમ પ્રમાણ સાબિત કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માળાઓ વડે કલ્પવૃક્ષની પેઠે તે જમાલીકુમારને અલંકૃત-**વિભૂષિત** કરે છે. ત્યાર બાદ તે જમાલી ક્ષત્રિયકુમારનાં પિતા કૌટુંબિક પુરૂષોને બોલાવે છે. અને બોલાવીને તેણે કહ્યું કે-હે દેવાનુપ્રિયો, શીઘ્ર સેંકડો સ્થંભોવડે સહિત લીલાપૂર્વક પુતળીઓથી યુકત-ઇત્યાદિ **રાજપ્રશ્નીય** સૂત્રમાં વિમાનનું વર્ણન કર્યું છે, તેવી યાવત્ મણિરત્નની ઘંટિકાઓના સમૂહ યુકત હજાર પુરૂષોથી ઉંચકી શકાય તેવી શીબીકા-પાલખીને તૈયાર કરો, તૈયાર કરીને મારી આજ્ઞાને પાછી આપો, ત્યારબાદ તે કૌટુંબિક પુરૂષો યાવત્ આજ્ઞાને પાછી આપે છે.

ત્યાર પછી **તે જમાલી**ક્ષત્રિયકુમાર કેશાલંકાર, વસ્ત્રાલંકાર, માલ્યાલંકાર અને આભરણાલંકાર એ ચાર પ્રકારના અલંકારથી અલંકૃત થઇ પ્રતિપૂર્ણ અલંકારથી વિભૂષિત થઇ સિંહાસનથી ઉઠે છે, ઉઠીને તે શીબીકાને **પ્રદક્ષિણા** દઇને તેના ઉપર ચઢે છે, ચઢીને ઉત્તમ સિંહાસન ઉપર પૂર્વ દિશા સન્મુખ બેસે છે.

ત્યાર પછી તે ક્ષત્રિય જમાલી કુમારની **માતા** સ્નાન કરી બલિકર્મ કરી યાવત્ શરીરને અલંકૃત કરી હંસના ચિન્હવાળા પટશાટકને લઇ શિબીકાને પ્રદક્ષિણા કરી તેના ઉપર ચઢે છે. અને ચઢીને તે જમાલીક્ષત્રિય કુમારને જમણે પડખે ઉત્તમ ભદ્રાસન ઉપર બેઠી.

પછી જમાલી ક્ષત્રિય કુમારની **ધાવમાતા** સ્નાન કરી યાવત્ શરીરને શણગારી રજોહરણ અને પાત્રને લઇ તે શિબિકાને પ્રદક્ષિણા કરી તેના ઉપર ચઢે છે, અને ચઢીને જમાલી ક્ષત્રિયકુમારને ડાબે પડખે ઉત્તમ ભદ્રાસન ઉપર બેઠી.

ત્યાર પછી તે જમાલી ક્ષત્રિયકુમારની **પાછળ** મનોહર આકાર અને સુંદર પહેરવેશવાળી સંગત ગતિવાળી યાવત્ રૂપ અને યૌવનના વિલાસથી યુકત સુન્દર સ્તનવાળી એક **યુવતી** હિમ, રજત, કુમુદ, મોગરાનું ફુલ અને ચંદ્રસમાન કોરંટક પુષ્પની માળા યુકત ધોળું છત્ર હાથમાં લઇ તેને લીલાપૂર્વક **ધારણ** કરતી ઉભી રહે છે.

ત્યાર પછી તે જમાલીને બન્ને પડખે શૃંગારનાં જેવાં મનોહર આકારવાળી અને સુંદર વેષવાળી ઉત્તમ **બે યુવતી સ્ત્રીઓ** યાવત્ અનેક પ્રકારના મણી, કનક રત્ન, અને વિમલ, મહામૂલ્ય, તપનીય ( રકત સુવર્ણ )થી બનેલા, ઉજ્વળ વિચિત્ર દંડવાળાં, દીપતાં શંખ, અંક, મોગરાનાં ફુલ, ચંદ્ર, પાણીનાં બિન્દુ અને મથેલ અમૃતનાં ફીણનાં સમાન ધોળાં ચામરોને ગ્રહણ કરી લીલાપૂર્વક વિંજતી ઉભી રહે છે.

પછી તે જમાલી ક્ષત્રિયકુમારની ઉત્તર પૂર્વ દિશાએ શૃંગારના ગૃહ જેવી ઉત્તમ વેષવાળી યાવત્ **એક ઉત્તમ સ્ત્રી** શ્વેતરજતમય, પવિત્ર પાણીથી ભરેલા અને ઉન્મત્ત હસ્તીના મોટા મુખનાં આકારવાળા કળશને ગ્રહણ કરીને યાવત્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉભી રહે છે. ત્યાર પછી તે જમાલી ક્ષત્રિયકુમારની દક્ષિણ પૂર્વે શ્રૃંગારના ગૃહરૂપ ઉત્તમ વેષવાળી યાવત્ **એક ઉત્તમ સ્ત્રી** વિચિત્ર સોનાના દંડવાળા વીંઝણાને લઇને ઉભી રહે છે. પછી તે જમાલી ક્ષત્રિય કુમારના પિતાએ કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને કહ્યું કે—હે દેવાનુપ્રિયો ! શીઘ્ર સરખા સમાન ત્વચાવાળા સમાન ઉમરવાળા સમાન લાવણ્ય રૂપ અને યૌવન ગુણયુકત અને એક સરખા આભરણ અને વસ્ત્ર રૂપ પરિકરવાળા એક હજાર ઉત્તમ યુવાન કૌટુંબિક પુરૂષોને બોલાવો.

પછી તે કૌટુંબિક પુરૂષોએ યાવત્ પોતાનાં સ્વામીનું વચન સ્વીકારીને જલદી એક સરખા અને સરખી ત્વચાવાળા યાવત્ એક હજાર પુરૂષોને બોલાવ્યા. ત્યાર પછી તે જમાલીક્ષત્રિય કુમારના પિતાએ કૌટુંબિક પુરૂષો દ્વારા બોલાવેલા તે કૌટુંબિક પુરૂષો હર્ષિત અને તુષ્ટ થયા. સ્નાન કરી, બલિકર્મ ( પૂજા ) કરી, કૌતુક અને મંગળરૂપ પ્રાયશ્ચિત કરી, એક સરખા ઘરેણાં અને વસ્ત્ર રૂપ પરિકરવાળા થઇને તેઓ જ્યાં જમાલીક્ષત્રિય કુમારના પિતા છે ત્યાં આવે છે. આવીને હાથ જોડી યાવત્ વધાવી તેઓએ કહ્યું કે હે દેવાનુપ્રિય ! જે કાર્ય અમારે કરવાનું હોય તે ફરમાવો.

પછી તે જમાલીકુમારના પિતાએ તે હજાર કૌટુંબિક ઉત્તમ યુવાન પુરૂષોને કહ્યું કે હે દેવાનુપ્રિયો ! સ્નાન કરી બલિકર્મ કરી અને યાવત એક સરખાં આભરણ અને વસ્ત્રરૂપ પરિકરવાળા તમે જમાલી ક્ષત્રિયકુમારની શીબિકા ઉપાડો. પછી તે જમાલીક્ષત્રિય કુમારનાં પિતાનું વચન સ્વીકારી સ્નાન કરેલા યાવત સરખા પહેરવેશ ધારણ કરેલા તે કૌટુંબિક પુરૂષો જમાલીક્ષત્રિય કુમારની **શિબીકા ઉપાડે** છે. પછી જ્યારે તે જમાલીક્ષત્રિય કુમાર હજાર પુરૂષોથી ઉપાડેલી શિબીકામાં બેઠો ત્યારે સો પહેલાં આઠ આઠ **મંગલો** આગળ અનુક્રમે ચાલ્યા તે આ પ્રમાણે—

૧ સ્વસ્તિક ૨ શ્રીવત્સ યાવદ્...૮ દર્પણ તે આઠ મંગળ પછી **પૂર્ણ કલશ** ચાલ્યો–ઇત્યાદિ **ઔપપાતિક** સૂત્રમાં કહ્યા પ્રમાણે યાવદ્....ગગનતલને સ્પર્શ કરતી એવી **વૈજયંતી**–ધ્વજા આગળ અનુક્રમે ચાલી, ઇત્યાદિ **ઔપપાતિક** સૂત્રમાં કહ્યા પ્રમાણે યાવત્ જયજય શબ્દનો ઉચ્ચાર કરતાં તેઓ આગળ અનુક્રમે ચાલ્યા. ત્યાર પછી ઘણા ઉગ્રકુલમાં ઉત્પન્ન થયેલા, ભોગકુલમાં ઉત્પન્ન થયેલા પુરૂષો **ઔપપાતિક સૂત્રમાં** કહ્યા પ્રમાણે યાવત્ મોટા પુરૂષો રૂપી વાગુરાથી વીંટાયેલા જમાલીક્ષત્રિય કુમારની આગળ પાછળ અને પડખે અનુક્રમે ચાલ્યા.

ત્યાર પછી તે જમાલીકુમારના પિતા સ્નાન કરી બલિકર્મ કરી યાવદ્...વિભૂષિત થઇ હાથીનાં ઉત્તમ સ્કંધ ઉપર ચઢી, કોરંટક પુષ્પની માળા યુકત મસ્તકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનોની સામાજીક સ્થિતિ અને બેકારી.

લેખક–નરોતમ–બી. શાહ

હાલમાં વ્યપાર રોજગારની મંદીને લીધે આખા હીંદુસ્તાનમાં દરેક ઇલાકામાં જ્યારે બેકારી ફેલાઇ રહીછે અને ભાગ્યેજ કોઇ એવું શહેર હશે કે જે ઠેકાણે બેકારીનો ડંખ લાગ્યા વિના રહ્યો હોય અને આવી સ્થીતિમાંથી જૈન કોમ પણ ભાગ્યેજ બચવા પામી છે; કારણ કે હમણાજ જાણવામાં આવ્યું છે કે અમુક જગ્યાએ એકજ જગ્યા માટે લગભગ અઢીસો જેટલી જૈનોની અરજીઓ નોકરી માટે આવી પડી હતી. આવા સમાચાર જાણ્યા પછી કોઇના મનમાં આ બાબત હાથ ધરવાની સુઝ પડતી નથી અને જેમાં રાગ દ્વેષ ઉત્પન્ન થાય તેવા કલેશમય વાતાવરણ સંબંધી અનેક ચર્ચાઓ આજે છેલ્લા છ માસ થયાં એકલા મુંબઇ માંજ નહિ, પરંતુ દેશ પરદેશમાં પણ ઉત્પન્ન થએલ છે; આવી હકીકતને લીધે ઘણાઓની આંતરીક વેદનાઓ જે અનુભવ સિવાય ભાગ્યેજ માલુમ પડે છે તેવી જાતના સંજોગોને લીધે જે જૈન કોમમાં મોટો ભાગ મુશ્કેલી વચ્ચે પોતાનું જીવન પસાર કરે છે, તે સંબંધી ખાસ હાલના તબ્બકે તપાસ કરવાની બહુજ જરૂરીયાત છે. નજીકમાં

---

ધારણ કરાતા છત્રસહિત બે શ્વેત ચામરોથી વીંઝાતા ઘોડા, હાથી, રથ અને પ્રવર યોધાઓ સહિત ચતુરંગિણી સેના સાથે પરિવૃત થઇ મોટા સુભટના વૃંદથી યાવત વીંટાયેલા જમાલી ક્ષત્રિયકુમારની પાછળ ચાલે છે. ત્યારપછી તે જમાલીક્ષત્રિય કુમારની આગળ મોટા અને ઉત્તમ **ઘોડા**ઓ અને બન્ને પડખે ઉત્તમ **હાથી**ઓ, પાછળ **રથો** અને રથોનો સમૂહ ચાલ્યો.

ત્યારબાદ તે જમાલીકુમાર સર્વ રૂદ્ધિ સહિત યાવદ્ વાદિત્રના શબ્દ સહિત ચાલ્યો. તેની આગળ **કલશ** અને **તાલવૃત**ને લઇને પુરૂષો ચાલતા હતા. તેના ઉપર ઉંચે **શ્વેતછત્ર** ધારણ કરાયું હતું. અને તેના પડખે **શ્વેતચામર** અને નાના **પંખાઓ** વીંઝાતા હતા. ત્યાર પછી કેટલાક **લાકડી**વાળા, **ભાલા**વાળા યાવત્ **પુસ્તક**વાળા યાવત **વીણા**વાળા પુરૂષો ચાલ્યા. ત્યારપછી એકસો આઠ **હાથી**, એકસો આઠ **ઘોડા** અને એકસો આઠ **રથો** ચાલ્યા. ત્યારપછી **લાકડી**, **તરવાર** અને **ભાલા**ને ગ્રહણ કરી મોટું **પાયદળ** આગળ ચાલ્યું. ત્યાર પછી ઘણા યુવરાજો **ધાનકો** તલવરો યાવત્ સાર્થવાહ પ્રમુખ આગળ ચાલ્યા યાવદ્ ક્ષત્રિયકુંડ ગ્રામ નગરની વચ્ચે થઇને જ્યાં બ્રાહ્મણ કુંડગ્રામ નામે નગર છે, જ્યાં બહુશાલક ચૈત્ય છે અને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં જવાનો વિચાર કર્યો. —ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન શ્વેતામ્બર કોનફરન્સ પુના નજીક જુન્નેર મુકામે ભરનાર છે અને દેશ પરદેશથી ઘણા જૈનો એકઠા થવાનો સંભવ હોવાથી આ બાબત ખાસ હાથ ધરવા જેવી છે અને નોકરીની શોધમાં ને શોધમાં આપણા જૈન ભાઇઓ કેવી દુ:ખી હાલતમાં પોતાનું જીવન વ્યતીત કરે છે, તે ખાસ વિચારવા જેવી બાબત છે. મુંબઇ શહેરમાં નાગર અને લોહાણા જેવી નાની નાની જ્ઞાતિઓએ પોતાની જ્ઞાતિના બેકાર ભાઇઓને ધંધે લગાડવાના ઉદ્દેશથી મંડળો ઉભા કર્યા છે અને આ બાબત જૈન ભાઇઓનું પણ ખાસ લક્ષ ખેંચવાના ઉદ્દેશથી જ આ લેખ લખાએલ છે. જૈન કોમ માટે "ઇનફરમેશન બરો" નામનું એક મંડળ ઉભું કરવા અને વ્યવસ્થાપક કમીટીની નીમણુક કરી જૈન કોમની ધંધાને લગતી માહીતિ આપનાર ખાસ ડીરેકટરી તૈયાર કરવા આવશ્યકતા છે, કારણ કે આ ઉપરથી કોઇપણ માણસને માટે નોકરીની જરૂરીયાત હોય તો લાયકાત પ્રમાણે તપાસ કરતા નોકરી મેળવી શકાય અને ધંધા ધાપામાં પણ દેશ પરદેશના જૈન ભાઇઓ માર્ફતે તપાસ મેળવી બનતી સહાય થઇ શકે. અને આપણા ભાઇઓ વેપારી વર્ગના હોવાથી ખાસ પોતાનાજ જ્ઞાતિ બંધુઓને રાખવા પ્રેરાય તેટલા ખાતર ભરોસા પાત્ર એક " ઇનફરમેશન બરો " જેવા ખાતાની જરૂરીયાત છે અને આવા ખાતા મારફત નોકરી અથવા ધંધાદારીઓની સગવડ થતાં કોઇપણ નોકરના પ્રમાણિકપણા માટે તેમજ વિશેષ ખાતરીની ચોકસાઇ કરવાની જરૂરીઆત નહિ રહેતાં ગરીબ અને મધ્યમ વર્ગના આપણા જૈન ભાઇઓને સહાનુભૂતિ આપવામાં આવું ખાતું ઉપયોગી થઇ પડશે એવી આશા રાખવામાં આવે છે. આ ઉપરાંત બીજી એક સૂચના ખાસ કરવાના આવશ્યકતા છે; તે એ છે કે આપણી દસ લાખ જેટલી જૈનોની વસ્તીમાં એક Co-oprative Bank (સહકારી બેંક) ખોલવાની હાલના વખતમાં બહુજ અગત્ય ધરાવનારો પશ્ન છે, કારણ કે વ્યાપાર રોજગારની મંદીને લીધે જૈનોની કેટલી જુની અને સદ્ધર પેઢીઓ બંધ થઇ છે તે જાણીતી વાત હોવાથી વિશેષ લખવાની આવશ્યકતા નહિ હોવા છતાં આવી કફોડી સ્થીતિને લીધે આપણી જ્ઞાતિના ગરીબ તેમજ મધ્યમ વર્ગના અને વિધવાઓના રોકાએલ નાણા સંબંધી, આખી જીંદગીના નિભાવાર્થે, જીંદગીની બચત રકમોની કેવી દયાજનક સ્થીતિ થઇ પડી હશે તે આપણે કલ્પનાથી પણ વિચારી શકીએ તેમ છીએ. હજુ વેપાર રોજગારની સ્થિતિ સુધરી જાય તેમ લાગતું નથી; આવા સંજોગોમાં પોતાની નજીવી મુડીમાં પોતાના જીવનનો નીર્વાહ ચલાવનાર આપણા જૈન ભાઇઓની તેમજ વિધવાઓની નાની સરખી મુંડી પણ સહીસલામત રોકવાના પ્રશ્નનો જૈનોએ વિચાર કરવા જેવો છે. સરકારી લોનો તેમજ બેંકોમાં રોકાએલ નાણાનું વ્યાજ ચાર ટકા જેટલું ઉપજે છે અને આટલું વ્યાજ મેળવવાની વખતે પણ સહીઓ કરવાની તેમજ તેવીજ જાતની મુશ્કેલીઓને માટે ભાગે આવું નાણું સારા વ્યાજની લાલચે આપણા શ્રીમં-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુખનું સંશોધન.

લેખક—દફતરી નંદલાલ વનેચંદ પોપટભાઇ—મોરબીવાળા.

આ જગતમાં દરેક જીવો સુખની આશા રાખે છે; પણ પાંચ કારણની સામગ્રી મળ્યા વિના તાત્ત્વિક સુખ પામી શકતા નથી. કોઇ જીવ ધનથી સુખ માને છે, કોઇ પુત્રથી સુખ માને છે, કોઇ રાજ્યથી સુખ માને છે, કોઇ સ્ત્રીસંભોગથી સુખ માને છે, કોઇ ખાવા–પીવાથી સુખ માને છે. એમ દરેક જીવો પોતાની બુદ્ધિ પ્રમાણે તે તે વસ્તુમાં સુખ માને છે, પણ ખરૂં સુખ આત્માના સ્વરૂપનું જ્ઞાન થવાથી થાય છે. તેને વિરલાજ જાણી શકે છે.

પ્રશ્ન:—શું ધન થકી સુખ થતું નથી ? ધન વિના સુખ કાંઇ પણ દેખાતું નથી. એમ આપ શાથી કહો છો ?

ઉત્તર:—હે ભવ્ય ! હજી તેં આત્માનું સ્વરૂપ જાણ્યું નથી ત્યાં સુધી ધનમાં સુખ માને છે. 'પણ જો ગુરૂ કૃપાએ આત્માનું સ્વરૂપ જાણવામાં આવે તો તારી ભ્રાંતિ દૂર થયા વિના રહેશે નહી: ધન મૃત્યુ બાદ સાથે આવતું નથી. ધન છે તે સુખ દુ:ખનું કારણ છે, પણ તેજ કંઇ સુખ કહેવાય નહીં. સુખ કાંઇ આંખે દેખી શકાતું નથી. તાત્ત્વિક સુખતો અરૂપી છે અને તે સુખ આત્મામાં રહેલું છે.

પ્રશ્ન:—શું ત્યારે ધન થકી દુ:ખ થાય છે ? અને જો દુ:ખ થતું હોય તો કેવી રીતે થાય છે તે બતાવશો ?

ઉત્તર:—હે ભવ્ય ! જુઓ, પ્રથમ ધન મેળવવાની આશાએ જીવ અનેક પ્રકારના દુ:ખ સહન કરે છે. પરદેશ ગમન કરે છે. કોઇ ગુલામગીરી કરે છે. કોઇ યાચના કરે છે. તો પણ તે ધન ભાગ્ય વિના મળી શકતું નથી અને જો કદાપિ મળ્યું તો તેને સાચવવાની ચિંતા રહે છે અને સુખે કરી ઉંઘ આવતી નથી. દુશ્મન

---

તોને ત્યાં ઘણા ભાગે રોકાયેલ હોય છે, પરંતુ ઉપર દર્શાવ્યા મુજબ કમનસીબ સંજોગો ઉભા થતાં ખરેખર આવી દયાજનક સ્થિતિ માટે કોઇને પણ ખેદ થયા વિના રહે નહિ. તેટલાજ માટે ગરીબો તેમજ વિધવાઓને આશીર્વાદ સમાન થઇ પડે તેવી "સહકારી બેંક" કાઢવાના સવાલને ખાસ ચર્ચવાની તેમજ તેને અંગે કોઇપણ વ્યવહારૂ યોજના હાથ ધરવાની આવશ્યકતા ઉપર જૈન કોમના નેતાઓનું ધ્યાન ખેંચું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકો તે ધન લેવા સારૂ તેને મારી નાંખે છે. દશ રૂપીઆ મળ્યા તો સો રૂપીઆ મળવાની આશા રાખે છે, એમ ઉત્તરોત્તર આશા વધતી જાય છે, પણ સંતોષ વિના સુખ નથી. એક વખતે એક રાજા ફરતાં ફરતાં કોઇ ગામને વિષે આવ્યો હશે ત્યાં એક ઉંદર પોતાના દરમાંથી સોનામહોરો બહાર લાવતો હતો અને તેના ઉપર બેસી નાચી ખુશી થતો હતો, રાજાએ તે સોનામહોરો લઇ લીધી તેથી તે ઉંદર ધનની મમતાથી મરણ પામ્યો. માટે બાહ્ય ધનમાં કંઇ સુખ ભાસતું નથી, ખરૂં સુખ તો આત્મામાં રહેલું છે. મરતી વખતે ધનની મમતા જો રહે તો ઉંદર સર્પ વિગેરેના અવતાર લેવા પડે છે. માટે અનાદિકાળ અજ્ઞાન દશામાં રાખનારા દુઃખદાયી ધન થકી કશું સુખ થતું નથી, ઉલટું તે ધન થકી પાપની વૃધ્ધિ થાય છે, અને પાપ કર્મે કરી જીવ ચોરાશી લાખ જીવાયોનિમાં ભટકે છે અને ચાર ગતિમાં અનેક પ્રકારના દુઃખ પામે છે. ધનને સારૂ પ્રથમ અનેક પ્રકારના કુડ–કપટ કરવા પડે છે. અસત્ય વચન બોલવું પડે છે, ચોરી કરવી પડે છે. ક્રોધ, માન, માયા, લોભ રૂપ ચાર કષાય છે તે ધનથકી વૃધ્ધિ પામે છે અને અંતે આર્ત ધ્યાન તથા રૌદ્ર ધ્યાન ધ્યાઇ નરક તથા તિર્યંચની ગતિમાં જવું પડે છે. કોઈ માણસ કરોડાધિપતિ હોય પણ જો તે માંદો થાય તો સોનાનાં અને હીરાના ઢગલા ઉપર તેને બેસાડવાથી તેનું દુઃખ મટતું નથી, તેવા માંદા માણસને તો ઉલટું મરતી વખતે તે ધનની ચિંતા થાય છે અને દુઃખ થાય છે. એવા માંદા પડેલા કરોડાધિપતિને સારૂં સારૂં અમૃત સરખું ભોજન પણ ભાવતું નથી, અને તેના થકી પણ સુખ થતું નથી. ધનની વૃધ્ધિ થકી ધનમદ ઉત્પન્ન થાય છે, અને હું મોટો છું, મારા જેવો બીજો કોઈ નથી એમ પાપના વિચારો વારંવાર થયા કરે છે ધન થકી વેશ્યા ગમન કરવાની ઇચ્છા થાય છે વગેરે અનેક દુઃખનું સ્થાન બાહ્યધન છે. ધન કદાપિ હોય અને પુત્ર ન હોય તો બીચારો ધનવાન ચિંતા–સમુદ્રમાં બુડી મરે છે. કદાપિ છોકરા હોય પણ ધન ન હોય તો પણ દુઃખજ થાય છે. માટે એ અસાર પદાર્થ થકી સુખ થતું નથી. જો ઘણું ધન હોય અને પુત્ર જો ખરાબ પાકે તો પણ બીચારા ધનવાનને તો દુઃખનું દુઃખજ રહે છે. ચક્રવર્તિ રાજા હોય યા કરોડાધિપતિ હોય તો પણ આ અજ્ઞાન દશાથી માની લીધેલું બાહ્યધન તેની સાથે જતું નથી. આ પ્રત્યક્ષ દેખાતું શરીર પણ તેની સાથે જતું નથી, ત્યારે બીજી કઇ વસ્તુ જઈ શકે ? ત્યારે હે સુજ્ઞો ? વિચારો કે ધન થકી જે સુખ થાય છે, તે સંધ્યા રાગ સમાન જાણવું. નિત્ય સુખ તો આત્માના ગુણો થકી થાય છે. લક્ષ્મી ચંચળ છે, વીજળીના ચમકારની પેઠે તે નાશવંત છે, તેને પંડિત પુરૂષો ધન માનતા નથી, પણ ખરૂં ધન તો આત્મામાં રહેલું છે; તેની જો ઇચ્છા હોય તો બાહ્યધનનો ત્યાગ કરો, તેના ઉપરથી મમતા ઉતારો તો આત્માનું ધન પામવાને યોગ્ય થશો એ આત્મામાં રહેલું ધન કદાપિ કાળે નાશ પામતું નથી અને અદ્ભુત સુખ તેથી થાય છે. આત્માનું સુખ અનંત છે માટે સુખની અભિલાષા રાખનારા સુજ્ઞોએ આત્માનું ખરૂં સ્વરૂપ જાણી તે થકી અનંત સુખના ભોક્તા થવું અને બાહ્યધનનો ત્યાગ કરી આત્માના અનંત સુખનું સ્વરૂપ જાણવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આગામી શ્રી જૈન કોન્ફરન્સ મળતાં તે માટે કંઇક.

આવતા ફેબ્રુઆરી ગુજરાતી માઘ માસમાં આપણી કોન્ફરન્સનું ૧૩ મું અધિવેશન જુન્નેર ( દક્ષિણમાં ) થશે અને તે નિયમિત નહિ થવાનું, તેમજ તેનો ઉલ્લાસ આપણામાં મંદ પડી જવાનું કારણ આપણામાં અંદર અંદરના કુસંપ–ઇર્ષા છે, તે સાથે આરંભેશુરાતું બિરૂદ આપણામાં પડી ગયેલું છે તે છે. આવા સંમેલનથી કેટલા લાભો થાય છે અથવા આપણી કોન્ફરન્સથી કેટલા લાભ થયા છે, તે પણ કેટલાક બુદ્ધિશાળી બંધુઓ સમજી શકે છે. આ સંમેલન પ્રસંગે અનેક સૂચનાઓ, વિચારો થશે. અત્યારે તો આપણી કોમની પ્રગતિ માટે નીચેની બાબતો ઉપર આ અધિવેશનમાં ધ્યાન ખેંચવા નમ્ર સૂચના છે.

૧ ચાલતા કલેશ દૂર કરી શાંતિ સમાધાની સ્થાપવા, તેમજ સાધુ મુનિરાજનું સમાજમાં કયાં સ્થાન છે ? તે નક્કી કરી તેઓશ્રી ધર્મ માટે-સમાજ માટે શાસન માટે કેવી રીતે પ્રગતિ કરી શકે તેવું કાંઇક નિર્ણિત કરવાનું.

૨ જૈન કોમની આર્થિક સ્થિતિ દિવસાનુદિવસ વેપારના અવળા પ્રસંગોથી ઘટતી જતી હોવાથી, તેને બચાવી લેવા, તેમજ ઉદ્યોગ હુન્નરની લાઇનો દાખલ કરી વિશેષ પ્રગતિ કરે તેવો માર્ગ થવા સાથે એક સહકારી બેંકની જરૂરીયાત માટે વિચાર કરવા.

૩ જ્યારે અન્ય કોમ કેળવણીમાં આગળ વધ્યે જાય છે તેવા સંજોગમાં જૈન કોમના બાળક, બાળકીઓ દરેકે દરેક પ્રકારની કેળવણી વિશેષ લઇ શકે અને તેને સર્વ દેશીય બનાવી સાથે ધાર્મિક કેળવણી સુવ્યવસ્થિત લે તેવી સ્કુલો, વિદ્યાલયો, કોલેજો અને તેના સાધનો જૈન કોમ પોતાથી જન્મ આપે અને તેનો લાભ લે.

૪ જૈનોનું ગૌરવ–સનાતનપણું જાળવી રાખવા, તેનું સાહિત્ય, ઇતિહાસ, શિલાલેખો, પ્રશસ્તિઓ, તામ્રપત્રો વગેરે જુની શોધખોળ વગેરે સંબંધી યોગ્ય ગોઠવણ કરવા અને મોટા શહેરો કે તીર્થમાં તેના સંગ્રહસ્થાન ખોલવા તેમજ.

૫ પૂર્વાચાર્યોએ આપેલ અપૂર્વ લક્ષ્મીરૂપી જ્ઞાન વારસો હાલ જેટલા પ્રમાણ કે સંખ્યામાં છે, તે તે સ્થળોના ભંડારોમાં આવેલ ગ્રંથો–પ્રતોની તપાસ કરી, લીસ્ટો તૈયાર કરાવી, જીર્ણ થયેલ હોય તેને લખાવવા વગેરેથી ઉદ્ધાર કરી વિશેષ જ્ઞાનભંડારો જૈન વસ્તી વિશેષ હોય તે શહેરમાં કરવા સંબંધી.

૬ જૈન સમાજની વ્યવહારિક, શારીરિક ઉન્નતિ માટે હાલ સાંસારિક સુધારા કેટલા આવશ્યક છે તેનો નિર્ણય કરી તે રસ્તે જૈન સમાજને દોરવા—

૭ સાત ક્ષેત્રનું પોષણ કરનાર શ્રાવક શ્રાવિકા ક્ષેત્ર છે તેનો ઉદય, ઉદ્ધાર અને તે સાતે ક્ષેત્રોનું પોષણ કરે તેવા ઉન્નત બનાવવા, તેમજ જ્યાં પ્રાચીન જિનાલયોની મરામત, જિર્ણોદ્ધાર રક્ષણ વગેરે કરવાની જરૂર હોય ત્યાં તે ક્ષેત્રને પુષ્ટી કરવા અને—

૮ હિંદના આપણા સર્વ તીર્થોની વ્યવસ્થા, રક્ષણ સંભાળ વગેરે માટે એક આખા હિંદની તીર્થરક્ષક કમીટી નિમવી, તેને અમુક સત્તા સોંપવી, જેથી તીર્થોના થતા અનેક કલેશો વખતે તીર્થોના હક્કનું રક્ષણ કરી શકે તેવી ગોઠવણ કરવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯ અત્યાર યુગમાં મનુષ્યે પોતાનું, કુટુંબનું, ધર્મનું, મંદિરો વગેરેનું રક્ષણ પોતે કરવું જોઇએ, તેવો અનેક બનતા પ્રસંગોથી જણાયેલ હોવાથી, તેમજ આક્રમણો થતી વખતે પોતે સામે ઉભો કરી રક્ષણ કરી શકે તેવી શારીરિક સ્થિતિ ઉત્પન્ન કરવા, બળ—શકિત મેળવવા, દરેક સ્થળે વ્યાયામશાળા સ્થાપી, તેમાં દરેક જૈન બાળક બાળકીઓ તાલીમ લઇ તૈયાર થાય તેવા પ્રબંધો કરવા.

૧૦ જૈનની વસ્તીવાળા શહેરો યા ગામોમાં વસ્તી જૈનોની, મંદિરોની, ભંડારો વગેરેની ડીરેક્ટરી—એક વિશાળ નોંધ ખાસ તૈયાર કરવાની તેમજ વધતી જતી બેકારી દૂર કરવાના ઉપાયો યોજવા.

એવા એવા અનેક પ્રશ્નો જૈન સમાજની ઉન્નતિ થવા માટે ઉભા છે, પરંતુ બધું એક સાથે ન કરી શકીયે—ન થઇ શકે, છતાં આ બધામાંથી મહત્વના કાર્યો હાથ ધરવા અને બીજા માટે સુચના કરી માર્ગ બતાવવો, અને આવા સંમેલનો હવે પછી દરવર્ષે ભરી સમાજને જેમ બને તેમ વેળાસર તૈયાર કરવાનું કામ આપણી આ કોન્ફરન્સનું છે. ચર્ચાસ્પદ સ્વાલને બાજુએ મુકી વર્તમાનકાળે જૈનસમાજને તાત્કાલિક કયા કાર્યોની જરૂર છે ? તેના ઉપર આપણી કોન્ફરન્સે ધ્યાન આપી કાર્ય હાથ ધરી માર્ગદર્શક થવાનું છે. કાર્યવાહકોએ ધીરજથી, ખંતથી, સેવાભાવે, કીર્તિની વગર ઇચ્છાએ, વગર કંટાળ્યે કાર્ય હાથમાં લઇ સમાજને ઉન્નતિને માર્ગે મુકવાની આવશ્યક્તા છે. જૈનસમાજના અન્ય બંધુએ તેને અંતઃકરણ પૂર્વક ઝીલી લેવા જરૂર છે, જેથી કાર્યવાહકોનો ઉત્સાહ વધે, કોમ પ્રગતિના માર્ગે ચાલી જાય અને રસ્તાઓ સરલ થાય, તે માટે હવે વિશેષ નહિં સુચવતાં આપણી આ કોન્ફરન્સ વિજયવતી થાય અને સમાજની ભાવિ ઉન્નતિ માટે તેને બળ મળે તેવી અત્યારે પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

**ગાંધી વલભદાસ ત્રિભુવનદાસ—ભાવનગર.**

---

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું ૧૩ મું અધિવેશન શ્રી જુન્નેર ( દક્ષીણમાં ) ભરાવાનું નક્કી થતાં ત્યાંની સ્વાગત કમીટીના આમંત્રણને માન આપી મુંબઇ ખાતે શેઠ રવજીભાઇ સોજપાળ રાવસાહેબે પ્રમુખપદ સ્વીકારવા કૃપા કરી છે. સ્વાગત કમીટીના પ્રમુખ શેઠ ચુનીલાલ સ્વરૂપચંદ નિમાયા છે.

---

**જયંતી**—માગશર વદ ૬ ના રોજ પ્રાતઃસ્મરણીય શ્રીમાન્ મૂળચંદજી મહારાજની સ્વર્ગવાસ તીથી હોવાથી તેઓશ્રીની પાદુકાની પ્રતિષ્ઠિત કરી દાદાસાહેબના જિનાલયમાં દેરીમાં પધરાવેલ છે. ત્યાં આ મહાપુરૂષની ભક્તિ નિમિત્તે તેઓશ્રીના સુશિષ્યના ઉપદેશવડે આ સભાને મળેલ એક રકમ અને બાકી અમુક ગૃહસ્થો દરવર્ષ અમુક રકમ આપતા હોવાથી તેથી શ્રી જૈન આત્માનંદ સભા ( અમારા ) તરફથી દાદાસાહેબના જિનાલયમાં ઉક્ત ગુરુશ્રીની ભક્તિ નિમિત્તે પૂજા ભણાવવામાં આવી હતી તથા આંગી રચવામાં આવી હતી. બપોરના સ્વામીવાત્સલ્ય ( ત્સલ્હોનું ) પણ કરવામાં આવ્યું હતું. આ ગુરૂરાજની ભક્તિ નિમિત્તે થયેલું ફંડ ખુલ્લું છે, જેના ભક્તોએ તેમાં ફાળો આપી દરવર્ષે થતી ગુરૂભક્તિનો લ્હાવો લેવા જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન શ્વે. કૉન્ફરંસ તેરમું અધિવેશન જુન્નેર. આધિવેશન તા. ૮–૯–૧૦ ફેબ્રુઆરી ૧૯૩૦ શનિ. રવિ. સોમવારે થવા નિર્ણય.

શ્રી જૈન શ્વે. કૉન્ફરંસે અત્યાર સુધીમાં સમાજમાં અનેક પ્રકારની જાગૃતી કરી નવીન જીવન રેલછેલ કરેલ છે. એ સ્થાનું તેરમું અધિવેશન જુન્નેરમાં ભરવા આમંત્રણ સ્વીકારવામાં આવેલ છે. શ્રી કૉન્ફરંસ દેવીને ઉન્નતિ અને વિકાસ સાથે કોમનો ખાસ સંબંધ હોવાથી તેને સુદઢ કરવા ખાસ આવશ્યકતા છે. તે માટે જુન્નેરમાં તેરમું અધિવેશન તા. ૮-૯-૧૦ ફેબ્રુઆરી ૧૯૩૦ મિતિ મહા શુદ ૧૦–૧૧–૧૨ શનિ, રવિ અને સોમના રોજ ભરવા નક્કી કરવામાં આવ્યું છે. તે પ્રસંગે જૈન કોમના સુપ્રસિદ્ધ આગેવાન રાવ સાહેબ શેઠ રવજી સોજપાલ પ્રમુખ સ્થાને બીરાજશે, તેઓએ પ્રમુખપદ સ્વીકારેલ હોવાની ખબર જ્યારથી લોકોમાં ફેલાઇ છે ત્યારથી સમાજમાં અજબ ઉત્સાહ ફેલાયો છે, અને કૉન્ફરંસના કાર્યમાં લોકો સ્વયંપ્રેરણાથી ભાગ લઇ રહ્યા છે. ભોજન, મંડપના કાર્યમાં વૃદ્ધ, અનુભવી અને યુવાનના ઉત્સાહને પણ પાછો હટાવનારા શેઠ રાજારામ ભાઇ મીયાચંદ કરાડવાળા મળી ગયા છે. ને તે કાર્ય પૂર્ણ યશસ્વી થયાની જાણે ખાત્રી થઇ ચુકી છે.

કૉન્ફરંસની બેઠકનો મંડપ બાંધવાનું શુભ મુહૂર્ત કરી દેવામાં આવેલ છે. મ્હોટો સમારંભ કરી શ્રી સંઘના હર્ષનાદ વચ્ચે સ્તંભરોપણ થએલ છે. સૌભાગ્યવતી સ્ત્રીઓએ મંગલ ગીતો ગાઇ આગામી અધીવેશનના કાર્યમાં શુભ ભાવનાઓ પ્રેરી છે.

કેટલાએક ભાગોમાં પ્રચાર કાર્ય કરવા ડેપ્યુટેશનો જવાના છે. કેટલાક બંધુઓએ ગેરસમજુતી ફેલાવવાના પ્રયત્નો આદર્યા હતા પણ સત્ય વસ્તુસ્થીતિનો પવન ફૂંકાતા, ગેરસમજુતીઓ દૂર થવા પામી છે. મહારાષ્ટ્રમાં હાલમાં ઘેર ઘેર કૉન્ફરંસનો વિષય ચર્ચાઇ રહ્યો છે.

પ્રમુખ સાહેબ ધાર્મિક ભાવનાવાળા, શ્રીમંત, શાંત પ્રકૃતિના અને કચ્છી કોમના આગેવાન હોવાથી કૉન્ફરંસના અધિવેશનની સફળતા માટે બે મતો રહેતા નથી. સર્વ કાર્ય યશસ્વી થશે એવી લોકોને સંપૂર્ણ આશા છે.

# સ્વીકાર અને સમાલોચના.

૧ **પડ્દ્રવ્યસંગ્રહ**--( શ્રી નેમિચંદ્ર સૈદ્ધાન્તિક કૃત ). મૂળ તથા ભાષાંતર સહિત— આ ગ્રંથમાં ૫૮ ગાથા મૂળમાં આપેલ છે, જેનો ભાવાર્થ પાર્શ્વચંદ્રગચ્છીય પંડિત શ્રી રામચંદ્ર મુનિએ કરેલ છે અને તેના ઉપરથી શુદ્ધ ભાષાંતર કરાવી સાથે આ ગ્રંથમાં આપેલ છે. બાળબોધ તથા ભાષાંતર સરલ છે, આ લઘુ ગ્રંથ છતાં સંક્ષિપ્તમાં છ દ્રવ્યનું સ્વરૂપ વ્યવહાર અને નિશ્ચય નયની દૃષ્ટિએ સરલ રીતે આપવામાં આવેલ છે જે ખાસ મનન કરવા જેવું છે. આવા દ્રવ્યાનુયોગના ગ્રંથો હજુ કેટલાયે જૈન ભંડારોમાં પડેલા હશે. આ ગ્રંથ મુનિશ્રી કનકચંદ્રજીની પ્રે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થી શ્રીજૈન હઠિસિંગ સરસ્વતી સભા અમદાવાદ તરફથી પ્રકટ થયેલ ભેટ અપાય છે. સંસ્થાનો આ પ્રયત્ન પ્રશંસાપાત્ર છે ઠેકાણું પ્રસિદ્ધ કર્ત્તાને ત્યાં માંડવીનીપોળ—અમદાવાદ.

૨ આધ્યાત્મિક વિકાસક્રમ ગુણસ્થાન. લેખક–પં. શ્રી સુખલાલભાઇ સંઘજીના ગુણસ્થાન સંબંધી ત્રણ નિબંધો જેમાં છેલ્લા બે નિબંધો હિંદીમાં લખાયેલા તેનો ગુજરાતી અનુવાદ રુપે આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. આ નિબંધો મુખ્ય પણે જૈન અભ્યાસીઓને ઉદ્દેશીને લખાયેલ છે, તેટલુંજ નહિ પરન્તુ અભ્યાસીઓને શીખતા સરલતા થાય અને આવું વાંચન અને વિચારણા વધે તેવી દષ્ટિબિંદુ રાખી લખવામાં આવેલ છે. ત્રીજા નિબંધમાં ટિપ્પણો ઘણાં છે તે અભ્યાસીઓની સરલતા ખાતર મુકવામાં આવેલ જણાય છે. આ ગ્રંથના જૈન અને જૈનેતર વાંચકો અંદર અંદર એક બીજાની ભાષા સમજીલે અને પરિભાષાના ભેદના કારણે ન અટવાય તે બારિકીથી લેખક મહાશયે ખાસ લક્ષ રાખેલ છે. વળી ભારતવર્ષના દર્શનોના પ્રસ્તુત વિષય પરત્વેના વિચારો તુલનાત્મક દૃષ્ટિ સંક્ષિપ્તમાં લેખક બંધુએ મુકેલા હોવાથી ભારતના પ્રાચીન દર્શનોના અભ્યાસીઓ માટે આ લઘુ ગ્રંથ થોડે ઘણે અંશે ભોમીયારૂપ થઇ પડે તેવો છે. જૈન વિદ્યાર્થીઓના કર્મગ્રંથના અભ્યાસીઓને ગુણુસ્થાનસ્વરૂપ કર્મગ્રંથના અભ્યાસમાં જાણવું પડે છે તેઓને તેમજ અન્ય આધ્યાત્મિક વિકાસક્રમ શું છે તે જાણવાના જીજ્ઞાસુઓ માટે આ બુક અભ્યાસ ક્રમમાં દાખલ કરવા કે ગણના કરવા જેવી છે. સર્વેને પઠન પાઠન કરવા સૂચના કરીયે છીયે. પ્રકાશક એસ–જે શાહ માદલપુર અમદાવાદ કિંમત છ આના.

૩ વિચાર સંસ્કૃતિ—જુદા જુદા અગીયાર લેખો જે પેપરમાં પ્રગટ થયેલ તે જેના લેખક--ન્યાયવિશારદ--ન્યાયતીર્થ શ્રી ન્યાયવિજયજી મહારાજ છે તેનો આ બુકમાં સંગ્રહ છે, જે જૈન યુવક સંઘ ઘડીયાળીપોળ વડોદરા તરફથી વિના મૂલ્યે ભેટ આપવા પ્રગટ થયેલ છે.

વર્તમાન કાળે શું જરૂર છે, જૈન સમાજની પ્રગતિ માટે કેવી વિશાળતાની જરૂર છે ? તેની પ્રગતિ શી રીતે થાય ? તેની ધગશ લેખક મહાત્મા છે તેમ તેમના વિદ્વતાપૂર્ણ લેખથી જોવાય છે. મહારાજશ્રી વિચારક, અભ્યાસી, અને વિદ્વાન હોવાથી તેમની કૃતિમાં ગ્રહણ કરવા જેવું, જાણવા જેવું અને નવીન મળી શકે તે સ્વાભાવિક છે. યુવકોનું કર્તવ્ય અત્યારે શું છે ? તેનો પ્રકાશ આ ગ્રંથ પાડવામાં આવેલ છે. એકંદર આખો ગ્રંથ મનન કરવા જેવો છે. મળવાનું સ્થળ પ્રકટ કર્ત્તાને ત્યાંથી.

૪ નિત્ય સ્મરણ–સ્તોત્ર સંગ્રહ–પ્રકાશક મેસર્સ એ. એમ. એન્ડ કંપની–પાલીતાણા.

આ લઘુ પુસ્તકમાં ૧૩ સ્તોત્રો, અષ્ટક, શત્રુંજય કલ્પ, બે પયન્ના, બે સ્તવનો, સંસ્કૃત ચોવીસી, અને અનુપૂર્વી મળી ૨૧ ઉપયોગી વસ્તુઓ દાખલ કરી છે. ગુજરાતી ભાષામાં મોટા ટાઇપમાં સારા કાગળ ઉપર અને સુશોભિત બાઇન્ડીંગથી શુદ્ધ રીતે છપાયેલ છે. પ્રકાશક સંસ્કૃત, (ના અભ્યાસી હોવાથી શુદ્ધિ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવેલ છે. તેની કિંમત છ તે ગ્રંથના પ્રમાણમાં યોગ્ય છે. અભ્યાસી માટે આ બુક ખાસ ખરીદવા જેવી છે. મળ થળ પાલીતાણા પ્રકાશકને ત્યાંથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ખેદજનક મરણ નોંધ.

**શાહ હરજીવનદાસ કરસનદાસનો સ્વર્ગવાસ.**—બંધુ હરજીવનદાસ સુમારે પંચાવન વર્ષની ઉમરે લાંબા દિવસ બીમારી ભોગવી માગશર વદી ૮ ના રોજ પંચત્વ પામ્યા છે. ભાઇ હરજીવનદાસ સ્વભાવે સરલ, અને ભોળા હૃદયના હતા. તેઓ ખાનદાન કુટુંબના નબિરા હતા અને તેમનું વ્યાપારી જીવન ધર્મ શ્રદ્ધાળુ હતું. આ સભા ઉપર તેમનું આખું કુટુંબ પ્રેમ ધરાવતું આવેલ હોઇ તેઓ આ સભાના સભાસદ થયેલા હતા. તેઓના સ્વર્ગવાસથી એક માયાળુ સભાસદની ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અખંડ શાન્તિ પ્રાપ્તિ થાઓ તેમ ઇચ્છીએ છીએ.

---

**વારૈયા વનમાળીદાસ રાયચંદનો સ્વર્ગવાસ.**—મહુવા નિવાસી અને વ્યાપાર નિમિતે લાંબા વખતથી મુંબઇ રહેતા બંધુ વનમાળીદાસ સુમારે ત્રીશ વર્ષની ઉમરે થોડા દિવસની માંદગી ભોગવી માગશર શુદ ૧૩ ના રોજ યુવાન વયે સ્વર્ગવાસ પામ્યા છે. ભાઇ વનમાળીદાસ કેળવણી પામેલા, સાહસિક અને વ્યાપારમાં કુશળ હતા. તેઓનું મનોબળ વિશેષ હતું. ધર્મશ્રદ્ધાળુ હોવા સાથે મિલનસાર હતા. આ સભાની કાર્યવાહી પ્રત્વે પ્રેમ હોવાથી ઘણા વખતથી સભાસદ થયા હતા. તેઓ પંચત્વ પામવાથી એક કેળવાયેલ સભાસદની ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

---

**શ્રીયુત હંસરાજભાઇ તથા પંડિત હીરાલાલ હંસરાજભાઇનું ખેદજનક અવસાન.**—વયોવૃદ્ધ અને જેમણે પોતાના જીવનમાં ધાર્મિક અભ્યાસ કર્યો અને કરાવ્યાનો વ્યાપાર ( આંખે અપંગ હોવા છતાં ) ઘણે ભાગે આખી જીંદગી કરી મનુષ્ય જન્મનું સાર્થક કરી સ્વર્ગવાસ પામ્યાને થોડા દિવસો થયા છે, તેટલામાં પંડિત પુત્ર હીરાલાલ માગશર વદી ૩ ના રોજ એકાએક હૃદય બંધ પડી જવાથી પિતાની પાછળ પ્રયાણુ કરી ગયા ( પંચત્વ પામ્યા ) છે. જે માટે અત્યંત ખેદ થાય તે સ્વાભાવિક છે. પિતા જેમ શિક્ષક તરીકે સંપૂર્ણ હતા તેમ પુત્ર પંડિત પણે તે પ્રશંસાપાત્ર હતા. જૈન વર્ગમાં બંને મહાશયોની ખોટ પડી છે. તેમના પુત્ર ભાઇ વિઠલજી વગેરેને દિલાસો દેવા સાથે પિતાને પગલે ચાલી જૈન સાહિત્યનો વિશેષ ઉદ્ધાર કરે તેમ તેમના બંને બંધુઓના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આ સભાની વર્તમાન સ્થિતિ.

**આ સભાએ છેલ્લા ત્રણ વર્ષોમાં શું પ્રગતિ કરી તેની ટુંક નોંધ આ નીચે આપીયે છીયે કે જે હકીકત સંવત ૧૯૮૫ ના આશો વદી ૩૦ સુધીની છે.**

દરવર્ષે સભાની કાર્યવાહીનું સંક્ષિપ્ત વર્ણન આ રીતે આપવાથી આ સભાના દરેક સભાસદોની જાણ થવા સાથે, પછીના વર્ષ માટે સભાની વિશેષ પ્રગતિ માટે કાંઈ સલાહ, સૂચના કે વિચાર તેઓશ્રી જણાવી શકે, તેવા હેતુથી જ આ રીતે દરવર્ષે એક વખત ટુંકાણુમાં આ માસિકમાં આપવું અને વિસ્તાર પૂર્વક તો ધારા પ્રમાણે સભાના છપાતા રીપોર્ટમાં આપવું એમ ધારી આ નીચે સંક્ષિપ્ત નોંધ આપવામાં આવે છે. ( સેક્રેટરીઓ )

## કુલ સભાસદો—

૧ આ સભાના ચાર વર્ગમાં થઈ ૪) પેટ્રન સાહેબો, ૧૦૫) પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, ૧૯૧) બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૧૩) ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો ૫૯) પહેલા વર્ગના વાર્ષિક મેમ્બરો અને ૧૩) બીજા વર્ગના વાર્ષિક મેમ્બરો મળી ૩૮૫) કુલ સભાસદો હતાં. છેલ્લાં ત્રણ વર્ષોમાં કેટલાકનો:વધારો, કેટલાક સ્વર્ગવાસ પામ્યા, કેટલાક કમી થયા જેથી ગઇસાલની આખર સુધી ૪૦૫) છે. જેમાં ત્રણ પેટ્રન સાહેબો, ૧૧૦) પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, ૨૧૮) બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૧૨) ત્રીજા વર્ગના લાઇફ: મેમ્બરો, ૫૩) પહેલાં વર્ગના વાર્ષિક મેમ્બરો, અને ૯ બીજા વર્ગના વાર્ષિક મેમ્બરો, ભાવનગર અને બહાર ગામના મળીને છે. નવા સભાસદો થાય તેના નામો આત્માનંદ પ્રકાશમાં તરતજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે-આવે છે. આ સભામાં જે જે લાઇફ મેમ્બરોની જે જે ફી ( લવાજમ ) છે તેજ લઇને તેજ વર્ગમાં દાખલ કરવામાં આવે છે. અને લાઇફમેમ્બરોને ભેટના પુષ્કળ સારા સારા ગ્રંથોનો લાભ અત્યારસુધી કાંઇપણ બદલો લીધા સિવાય ધારા પ્રમાણે અપાયો છે—અપાય છે તે તો અમારા માનવંતા સભાસદોને સુવિદિત છે. ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર અને બીજા વર્ગના વાર્ષિક મેમ્બરોનો વર્ગ કેટલાક વખતથી કમી થયેલ છે.

## લાઇબ્રેરી–ફ્રી વાંચનાલય:—

આ વાંચનાલયમાં સાત વર્ગો છે. આઠ હજાર વાંચનની ધાર્મિક, નૈતિક, નોવેલ, સંસ્કૃત, ઈંગ્રેજી અને ધાર્મિક આગમો મળી ગ્રંથો છે. લખેલી પ્રતોનો ભંડાર જે ૧૩૦૦) ની સંખ્યા,માં છે તે જુદો છે. તથા ૫૬ ન્યુસપેપરો ડેઇલી, વીકલી, માસિક વગેરે વગેરે સારા સારા આવે છે. જૈન અને જૈનેતર ભાઇઓ સારા પ્રમાણમાં લાભ લે છે. કક્કાવારી પ્રમાણે હાલમાં વાંચકોની સુગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મતા ખાતર તમામ બુકોનું લીસ્ટ છપાવેલ છે. લાઇબ્રેરીની સુવ્યવસ્થા માટે, મીસ ક્રૌંઝે, સુબ્રીજ સાહેબ, અને શ્રી ગાયકવાડ સરકારના સેન્ટ્રલ લાઇબ્રેરીના ક્યુરેટીવ સાહેબ મોતીભાઇ સાહેબ આમીન વગેરે એ ઉંચા અભિપ્રાય આપેલ છે. આ શહેરમાં તેવી લાઇબ્રેરી બીજી નથી.

સં. ૧૯૮૨ ના આસો વદ ૩૦ સુધીમાં સાત વર્ગોમાં કુળ પુસ્તકો ૬૩૯૪) રૂા ૧૦૩૫૨–૧૩–૬ ના હતાં, જેમાં ગઇ સાલની આખર સુધીમાં રૂા. ૧૬૭૦–૭–૯ ના પુસ્તકો ૮૪૯) નો વધારો થતાં કુલ પુસ્તકો ૭૨૪૩) રૂા. ૧૨૦૨૩–૫–૩ ના થયાં છે.

## જ્ઞાનોદ્ધાર ખાતું–સાહિત્ય પ્રકાશન ખાતું—

ચાર પ્રકારે સાહિત્ય વૃદ્ધિ સભા કરે છે. ૧ એક સંસ્કૃત–માગધી ગ્રંથો, બીજું:ગુજરાતી ભાષાના ગ્રંથો, સાથે શ્રી કાન્તિવિજયજી ઐતિહાસિક ગ્રંથમાળા, ૩ શ્રી સીરીઝ ખાતું, અને સાધુ સાધ્વી મહારાજ તથા જ્ઞાનભંડારોના ખાસ ઉપયોગ માટેનું.

સભા તરફથી પ્રકટ થતા ગ્રંથો સંસ્કૃત–માગધી હાલ અડધી કિંમતે, ગુજરાતી ગ્રંથો મુદ્દલ કિંમતે, સીરીઝના ગ્રંથો ધારા પ્રમાણેની કિંમતે મંગાવનારને અપાય છે. સંસ્કૃતના ખપી લાઇફ મેમ્બરો અને પેટ્રન સાહેબો મંગાવે તેને અને ગુજરાતી ભાષાના તથા સીરીઝના ગ્રંથો બધા લાઇફ મેમ્બરોને ( વાર્ષિક મેમ્બરોને પોણી કિંમતે ) ભેટ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં શુમારે દોઢસો ગ્રંથો લાઇફ મેમ્બરોને ભેટ અપાયા છે.

ઉપર બતાવેલા ચારે પ્રકારના ગ્રંથો મળી અત્યાર સુધીમાં રૂા. ૧૧૦૦૦) અગ્યાર હજારના ગ્રંથો, સાધુ સાધ્વી મહારાજ તેમજ અન્ય સંસ્થાઓ જ્ઞાનભંડારો વગેરેને ભેટ અપાયેલા છે. લાઇફ મેમ્બરોને અત્યાર સુધી અપાણા તે રકમ જુદી છે. અમારા ધારવા પ્રમાણે હિંદુસ્તાનની કોઇપણ સંસ્થાએ આટલો મોટો પ્રચાર અને ભેટનું કાર્ય કોઇએ કરેલ નથી તે થવાનું કારણ ગુરૂકૃપા છે.

સં. ૧૯૮૨ની આખર સાલ સુધી સંસ્કૃત–માગધી ૭૮, ગુજરાતી ૫૬ તથા ઇતિહાસિક ૭) મળી કુલ ૧૪૧) ગ્રંથો પ્રકટ થયા હતા. ગઈ સાલની આખર સુધી સંસ્કૃત ૧) ઐન્દ્રસ્તુતિ તથા ગુજરાતી કુમારપાળ પ્રતિબોધ, નરરત્ન ભામાશાહ તથા લાઇબ્રેરીનું લીસ્ટ શ્રી સીરીઝ તરીકે શ્રી વિમલનાથ ચરિત્ર તથા શ્રી ચંદ્રપ્રભચરિત્ર મળી વધારો થતાં કુલ ગ્રંથો ૧૪૭) આ સભા તરફથી પ્રકટ થઇ ગયા છે. આ કાર્ય સતત્ ચાલ્યા કરે છે. સીરીઝનું કાર્ય સભાએ હાથ ધરતાં રૂા. એક હજાર આપનાર બંધુના નામથી ઉત્તરોત્તર ગ્રંથો પ્રકટ થતાં હોવાથી જ્ઞાનોદ્ધાર સાથે, આત્મકલ્યાણ પણ થતું હોવાથી તે રીતેની રકમો સભાને મળતી હોવાથી અનેક ઉત્તમોત્તમ ગ્રંથો પ્રસિદ્ધ થતાં હોવાથી અનેક ગ્રહસ્થો તરફથી તે લાભ સભાને મળે છે. અને સાહિત્ય વૃદ્ધિ થાય છે. અને થોડા વખતમાં સસ્તું જૈન સાહિત્ય અને બહોળો પ્રચાર અલ્પ કિંમતે સભા કરી શકશે તે નિઃસંદેહ વાત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કેળવણીને ઉત્તેજન**—દરેક વર્ષે રૂા. ૧૫૦) સ્કોલરશીપ તરીકે રૂા ૧૨૫) શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને મદદના મળી શુમારે ત્રણુસેંહ રૂપીયા અપાય છે, વિશેષ કાંઇ કરવા સભાની શુભ આકાંક્ષા છે.

**આત્માનંદ પ્રકાશ**—આજે સતાવીશ વર્ષથી પ્રકટ કરવામાં આવે છે. ઉત્તમ લેખો, પુસ્તકોની સમાલોચના, વર્તમાન સમાચારો અને કોઇપણ માસિક દરેક વખતે જે અત્યાર સુધી નથી આપી શકતી તેવા સારા સારા અનેકવિધ સાહિત્ય, ઉત્તમ મોટા ગ્રંથો વધારે ખર્ચ કરી માસિકની આવક કે કમાણીની દરકાર નહિ રાખી ગ્રાહકોને દર વર્ષે પંચાંગ સાથે ભેટ આપવામાં આવે છે, જેથી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોની પણ દિવાસાનુદિવસ વૃદ્ધિ થતી જાય છે.

**સ્મારક ફંડો**—આ સભા હસ્તક શ્રીયુત મૂળચંદ નથુભાઇ કેળવણી ઉત્તેજન સ્મારક ફંડ તથા શ્રીયુત ખોડીદાસ ધરમચંદ સ્વામીવાત્સલ્ય અને નિરાશ્રીત ફંડ ચાલે છે. જેમાં તેના ઉદ્દેશ પ્રમાણે તે તે ખાતામાં સહાયો અપાય છે.

**શ્રી ઉજમબાઇ કન્યાશાળા**—નો વહીવટ આ સભાને તેની કમીટી તરફથી સુપ્રત થયેલ હોવાથી તેનો વહીવટ મદદ આપવા સાથે કરે છે.

**જયંતીઓ**—પ્રાતઃસ્મરણીય ગુરૂરાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરની જેઠ શુદ ૮ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર જઇ પૂજ્યપાદ ગુરૂવર્ય શ્રી મૂળચંદજી મહારાજની માગશર વદી ૬ શાંત મૂર્તિ શ્રી વિજયકમળસુરિજીની આશો શુદ ૧૦ ના રોજ દેવ, ગુરૂ ભકિત, પૂજા, સ્વામીવાત્સલ્ય વગેરેથી દર વર્ષે ઉજવાય છે.

**સભાની વર્ષગાંઠ**—ચોત્રીશ વર્ષથી સભાના મકાનમાં દેવ ગુરૂ ભકિત પૂજા ભણાવવા, સ્વામીવાત્સલ્ય કરવા સાથે ઉજવવામાં આવે છે.

**આનંદમેલાપ**—દર બેસતે વર્ષે જ્ઞાનપૂજન સાથે ટીપાર્ટી સભાસદોને આપવામાં આવે છે.

**જ્ઞાનભકિત**—દર વર્ષે જ્ઞાન પંચમીને દિવસ જ્ઞાન પધરાવી ભકિત કરવામાં આવે છે.

## સભાનું વહીવટી ખાતું.

### સભા નિભાવ ફંડ ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૦૦૦) બાકી દેવા સં. ૧૯૮૨ આખર | ૧૬૫૭ાા≶ સં. ૧૯૮૩–૮૪ ખર્ચમાં ખુટતો હવાલો ૬૯૭) ૯૬૦ાા≶ |
| ૧૫૮૧) એક પેટ્રન તથા લાઇફ મેમ્બરો સ્વર્ગવાસ પામતાં ધારા પ્રમાણે લવાજમ જમે કર્યું | ૧૦૩૩ાઽ બાકી દેવા ગઇ સાલ આખર સુધી |
| ૧૧૦) વ્યાજ ત્રણ વર્ષનું | |
| ૨૬૯૧) | ૨૬૯૧) |

For Private And Personal Use Only

## સભાસદોની ફી ખાતું.

**જ**

| | |
|---|---|
| ૫૦) | બાકી દેવા સં. ૧૯૮૨ ની આખર સાલ |
| ૩૨૭૨॥ | લાઇફ મેમ્બરની ફીના વ્યાજના ૧૦૩૫॥। ૧૧૫૩॥। ૧૦૮૩) |
| ૫૮૨) | વાર્ષિક મેમ્બરોની ફીના ૧૯૯॥। ૧૯૭॥। ૧૮૪॥ |
| ૨૦૦) | સાધારણ ખાતેથી હવાલો સં. ૧૯૮૪ |
| ૨૨૮॥। | કુમારપાળ પ્રતિબોધની મેમ્બરો પાસેથી રૂા. ૧) ઉપરાંતની વધુ કિંમતના |
| ૪૩૩૩। | |

**ઉ**

| | |
|---|---|
| ૧૦૮૪॥।= | મેમ્બરોને માસિક તથા ભેટની બુકના ખર્ચના ૩૫૫।- ૩૭૪॥।- ૩૫૪॥। |
| ૨૭૩॥≡ | લાઇફ મેમ્બર થતાં ફી મજરે આપી તથા ઉઘરાણી ન પતવાથી માંડી વાળ્યા ૮૬। ૫૦।= ૧૩૭)- |
| ૧૦૪૭॥≡ | ખર્ચ ખાતેનો હવાલો ૫૯) ૧૧૫)≡ ૮૭૩॥। |
| ૧૭૯૮।- | ભેટના પુસ્તકોનો ખર્ચ ૬૬૩॥≡ ૧૧૦૯॥= ૨૫) |
| ૧૨૮।≡ | બાકી દેવા ગઇ સાલ આખર સુધી |
| ૪૩૩૩। | |

## પેટ્રન તથા લાઇફ મેમ્બર ફી ખાતું.

**જ**

| | |
|---|---|
| ૨૦૦૧) | પેટ્રન ફીના બાકી દેવા |
| ૨૦૦૧) | |

**ઉ**

| | |
|---|---|
| ૫૦૦) | ઝવેરી સૌભાગ્યચંદ નગીનદાસનો સં. ૧૯૮૩ સ્વર્ગવાસ થતાં નિભાવફંડ ખાતે લઇ ગયા. |
| ૧૫૦૧) | બાકી દેવા ગઇ સાલ આપ્યા. |
| ૨૦૦૧) | |

## પહેલા વર્ગના લાઇફ મેમ્બર.

**જ**

| | |
|---|---|
| ૧૦૫૦૧) | બાકી દેવા હતા |
| ૧૦૦૧) | સં. ૧૯૮૩-૧૯૮૪ ૫૦૦) ૫૦૧) |
| ૧૧૫૦૨) | |

**ઉ**

| | |
|---|---|
| ૫૦૨) | પાંચ સભાસદોનો સ્વર્ગવાસ થતાં નિભાવ ફંડમાં લઇ ગયા |
| ૧૧૦૦૦) | બાકી દેવા |
| ૧૧૫૦૨) | |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

## બીજા વર્ગના લાઇફ મેમ્બર.

જ

૬૫૦૧) બાકી દેવા હતા
૧૯૫૪) સં. ૧૯૮૩-૧૯૮૪-૧૯૮૫
૧૦૦૨) ૬૫૧) ૩૦૧)
૧૧૪૫૫)

ઉ

૫૫૪) સભાસદો સ્વર્ગસ્થ થયા તેના નિભાવ ફંડ ખાતે લઇ ગયા. ૧૫૩) ૨૫૦) ૧૫૧)
૧૦૯૦૧) બાકી દેવા
૧૧૪૫૫)

## ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર.

જ

૩૨૫) બાકી દેવા
૩૨૫

ઉ

૨૫) એક મેમ્બરનો સ્વર્ગવાસ થતાં નિભાવ ફંડ ખાતે લઇ ગયા.
૩૦૦) બાકી દેવા
૩૨૫)

## શ્રી જ્ઞાન ખાતું.

જ

૨૧૧) બાકી દેવા
૩૯ાાા≈ા બેસતા વર્ષે જ્ઞાનપૂજન
૧૨ા≈ ૧૨ાા૦ાા ૧૫)
૩૭૬ાાા≈ પુસ્તકો વેચાણમાંથી હું હાંસલના
૮૪)~ ૨૫૧ાા~ાા ૪૧)≈ાા
૯૮) કબાટ નં. ૩ જુના કાઢી નાંખ્યા તેના વેચાણના
૨૮૧)≈ પંચ સંગ્રહના વધારાના સં. ૧૯૮૩ ની સાલમાં
૨૫૭ા≈ાા પરચુરણ ખાતે
૧૫ાા ૧૬૪ાાા≈ ૭૭)૦ાા
૨૫) અમદાવાદ પાઠશાળાના આવ્યા સં. ૧૯૮૪
૪૯૭)~ાા સીરીઝના પુસ્તકોનો હવાલો
૧૭૮૬ાા૦ાા
૪૩૧૬ાાા~ાા બાકી દેવા
૬૧૦૩ા≈

ઉ

૩૩૨ાા વીમાનો ખર્ચ
૮૭ાા ૧૩૨ાા ૧૧૨ાા
૧૧૧) ભાડું વખારનું
૩૬) ૩૯) ૩૬)
૫૫૨) માસીક વર્તમાન લાઇબ્રેરી માટે
૧૯૩)≈ ૨૦૦ાા~ ૧૫૮ા
૧૦૫૮ાા~ પુસ્તકો ભેટ આપ્યા
૩૯૩ા~ા ૪૫૬≈ ૨૦૯)૦ાાા
૭૦૦)~ લાઇબ્રેરી માટે પુસ્તક ખરીદ કર્યાં
૧૭૩)≈ાા ૨૮૯) ૨૩૭ાાા≈ાા
૧૧૫૮)≈ા માસિકની ખોટના
૫૫૨)~ાાા ૩૦૭ાા~ાા ૨૯૮ા≈
૩૭)≈ મદદ બાદ થતાં ખર્ચના પંચાંગ છપામણીના
૧૨૫ા≈ સૂચિપત્રની છપામણી

તથા ઉધાર

૨૨૪॥=॥ કમીશનના

૩૦)=॥ ૯૭॥=॥ ૯૬॥‐

૧૬૮॥= છપાવવાના કાગળો રદ થયા વગેરેની ખોટના

૬૬૦૩॥=

૪૨) પુસ્તકાની જાહેર ખબર છપામણી

૪૪૪॥૦ ઓછા ભાવે પુસ્તકો વેચ્યાની ખોટ તથા પરચુરણ ખર્ચ

૧૦૬॥‐॥ ૨૩૫॥ ૧૦૨)=॥

૫૦૫॥= લાઇબ્રેરીનું લીસ્ટ છપામણી ખર્ચ (૧૯૮૩)

૨૫૫) છેલ્લા રીપોર્ટની છપામણી ૧૯૮૨,

૩૭૫) શ્રી ઉજમબાઇ કન્યાશાળાને મદદના ૧૯૮૩)૮૪)૮૫),

૧૩॥ મુહૂપતિ નિર્ણયની બુકના નોરના

## શ્રી આત્માનંદ ભવન ( મકાન ).

જ

૪૩૦૦) મદદના બાકી દેવા

તથા ઉધાર

૧૫૫॥= સં. ૧૯૮૫ ઇલેક્ટ્રીકના

૭૯॥=॥

ફીટીંગ પરચુરણ ખર્ચ

૭૫॥=॥

૧૮૬)‐ વ્યાજ

૪૫૪)= ૬૩૯)= ૬૩૭॥

૧૭૩૦॥‐ તેમાંથી

ભાડાના ૧૫૪૪॥ રૂ. બાદ કરતાં બાકી ૧૮૬)‐

૧૯૨૬૬॥ બાકી લેણા

ઉ

૧૫૭૩૩॥‐॥ બાકી લેણા

૨૩૯૯॥=॥ લાદી તથા ઓરડી

૭૦૫) ૨૫૭)

ભીંતા કબાટ તથા અગાસી

૫૩૬) ૫૨૫)

રીપેર પરચુરણ ખર્ચ

૨૮૪॥=॥

ઇલેક્ટ્રીક ફીટીંગ

૯૨૧ સં. ૧૯૮૩

૭૯૧॥=॥ રીપેર ખર્ચ સં. ૧૯૮૪

૩૨૬॥ સીલીંગના તથા

૮૮) રંગના

૨૦૬॥ ડેલી રીપેર તથા દાદર ફેરવ્યાના

૧૭૦॥=॥ પરચુરણ ખર્ચ

## શ્રી આત્માનંદ પ્રકાશ ખાતું--પુ૦ ૨૪-૨૫-૨૬ મું.

જ

૨૪૯૪॥=॥ લવાજમ

૭૯૨॥=॥ ૮૨૫)=॥ ૮૭૬॥=॥

૧૦૮૪॥= મેમ્બરો પાસેથી

૩૫૫॥‐ ૩૭૪॥‐ ૩૫૪॥

૧૧૫૮)=॥ ખોટના

૫૫૨)‐॥ ૩૦૭॥‐॥ ૨૯૮॥=

૪૭૩૭॥=॥

ઉ

૧૯૫૬॥‐ છપાઇ

૧૨૬૭॥‐॥ કાગળો છાપવાના

૬૭૬) પોસ્ટ ખર્ચ

૬૪૩॥ ભેટની બુકો તથા પંચાંગ

૧૯૪॥૦ પરચુરણ ખર્ચ પેપર, દોરી, ગુંદર વગેરે

૪૭૩૭॥=॥

ઉપરાંત ભેટની બુકોના વધારાની કિંમત આમાં વેચાય ત્યારે સમાવેશ કરવો હોય તો થઇ શકે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી સાધારણ ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૫૬॥ | બાકી દેવા | ૫૦૧≡ | ખર્ચ ખાતામાં હાલો તથા પરચુરણ |
| ૩૮૯॥-॥ | પુસ્તકો વેચાણુમાંથી કે હાંસલ | | ૧૩૧॥- ૨૪૭॥-। ૧૨૧॥।०॥ |
| | ૧૨૧।-॥ ૨૪૯॥०॥ ૧૮॥≡॥ | ૧૯૦) | પ્રવર્ત્તકજી મહારાજ તથા આચાર્ય |
| ૧૪) | બાંકડો વેચ્યો તેના | | મહા. શ્રી વિજયવલ્લભસૂરિ ફોટાના |
| | ૫૬૩।-॥ | | ૬૯૧≡ |

૧૨૮)-। બાકી લેણા.

## શ્રી સંસ્કૃત ગ્રંથ છપાવવાનું ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૫૨૦)≡ | બાકી દેવા સંસ્કૃત ગ્રંથ ખાતે | | |

## શ્રી ઐતિહાસિક સીરીઝ ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૨૦૬૩।- | શ્રી કાન્તિવિજયજી ઐતિહાસિક સીરીઝ ખાતે દેવા | ૩૪૭॥- | ગુર્જર કાવ્ય સંચય ખર્ચ |
| ૫૧૨। | પુસ્તક વેચાણ | ૨૬૮।-॥ | કમીશન તથા ખર્ચ તથા કે સાધારણ ખાતે |
| | ૩૬૫) ૧૨૬) ૨૧। | | ૧૦૭)-૧૫૬।-॥-૫) |
| | ૨૫૭૫॥- | | ૬૧૫॥≡॥ |

રૂા. ૧૯૫૯॥≡॥ બાકી દેવા આખર સાલ સુધી.

## શ્રી સિદ્ધાચલજી ઉપર શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની દેરી રીપેર તથા જયંતિ ફંડ ( સાધારણ ) ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૨૯૫) | બાકી દેવા | ૨૧૧)≡ | ખર્ચ કર્યો |
| ૧૭૧)≡ | વ્યાજના | ૧૨૫૫) | બાકી દેવા |
| | ૧૪૬૬)≡ | | ૧૪૬૬)≡ |

## શ્રીયુત મુળચંદભાઇ સ્મારક ફંડ ખાતું,

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૨૭૫।= | બાકી દેવા રૂા. ૧૦૦૦) નો બોન્ડ ટ્રસ્ટીઓના નામે છે તે ઉપરાંતના | ૪૨) | સ્કોલરશીપના આપ્યા |
| ૧૯૮॥।= | વ્યાજના | ૪૩૨। | બાકી દેવા |
| | ૬૩॥= ૬૭ ૬૮) | | ૪૭૪। |
| | ૪૭૪। | | |

For Private And Personal Use Only

## શ્રીયુત ખોડીદાસભાઇ સ્મારક ફંડ ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૩ાા | બાકી દેવા. રૂા. ૧૦૦૦) નો બોન્ડ ટ્રસ્ટીઓના નામે છે તે ઉપરાંત | ૧૦૦) | ખર્ચના સં. ૧૯૮૩ ૮૪ રૂા. ૫૦) સં. ૧૯૮૫ નો ખર્ચ હવે ઉધરશે |
| ૧૫૫ા~ | વ્યાજ ૫૨ા ૫૩)~ ૫૦) | ૯૦)~ | બાકી દેવા |
| ૨૧) | સલોત હગોવનદાસ લક્ષ્મીચંદના ભેટ | | |
| | ૧૯૦)~ | | ૧૯૦)~ |

## આ સભાનું વર્તમાન નાણાં પ્રકરણી ખાતું.

### સંવત ૧૯૮૫ આસો વદ ૦))

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૩૯૩૭ાા≈ા | શ્રી જ્ઞાન પુસ્તકો વગેરે | ૧૧૯૫૪ા૦ | શ્રી જ્ઞાન તથા લાઇબ્રેરી પુસ્તકો વગેરના. |
| ૧૨૧૭૮ા≈ | સીરીઝવાળા ખાતે | ૭૬૫૫ાા≈ાા | સીરીઝના પુસ્તકો સીલીક |
| ૩૭)≈ | શ્રી આત્માનંદ પ્રકાશ. | ૨૬૨)૦ા | શ્રી આત્માનંદ પ્રકાશ પુ૦ ૨૭ |
| ૩૫૧૧૩)~ાા | સાધારણ ખાતું, લાઇફ મેમ્બર પેટ્રન વગેરેના | ૧૯૨૬૬ાા | શ્રી આત્માનંદ ભવન ( મકાન ) |
| ૧૦૨૪૪ાા≈ાા | શરાફી દેવું. | ૧૩૫ા≈ | શ્રી ગુરૂમંદિર |
| | | ૩૦૯૯૬ા~ | શરાફી ખાતે |
| | | ૧૩૩)~ા | સાધારણ ખાતે |
| | | ૧૦૧૮ાા≈ | મેમ્બરો પાસે તથા પરચુણ લેણું |
| | | ૪૭)~ાા | પરાંત |
| | | | ૭૧૪૬૯ાા~ા |
| | | ૪૩) | સરવૈયાનો ફેર છે તે તપાસાય છે. |
| | ૭૧૫૧૨ાા~ા | | ૭૧૫૧૨ાા~ા |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# વ્યાપારી વર્ગને ઉપયોગી પુસ્તકો.

**માસ્તર પોપટલાલ સાકળચંદ પ્રકાશિત જ્યોતિષનાં બે ઉપયોગી ગ્રંથો.**

કે જેની કિંમતમાં સારો ઘટાડો કર્યો છે.

૧ વર્ષ પ્રબોધ અને અષ્ટાંગ નિમિત—કિં. રૂા ૮) હતી તેના રૂા ૫–૦–૦

૨ અષ્ટાંગ નિમિત અને દિવ્યજ્ઞાન કિં. રૂા ૪) હતી તેના રૂા. ૨–૮–૦

સિવાય જ્યોતિષના બીજા ગ્રંથો.

૧ વિવેક વિલાસ કિં. ૨–૮–૦ ૨ ભદ્રબાહુ સંહિતા ૨–૦–૦ નારચંદ્ર જૈન જ્યોતિષ ૨–૦–૦ શીલીકમાં જુજ નકલ છે. માટે તુરત મંગાવી લેશો—

**જૈન સસ્તી વાંચનમાળા–રાધનપુરી બજાર ભાવનગર.**

# ખાસ પાઠશાળાઓ માટે—

**મોટા અક્ષર, શુદ્ધ છપાઇ, સારા કાગળ અને પાકું બાઇડીંગ છતાં કિંમતમાં ઘણા સસ્તા હોવાથી ગુજરાત–કાઠીયાવાડની શાળાઓમાં તેજ મંગાવાય છે.**

**થોડી થોડી નકલો મંગાવી ખાત્રી કરશો:—**

| | | | |
|---|---|---|---|
| ૧ પંચ પ્રતીક્રમણ મોટી સાઇઝ સંક્ષિપ્ત અર્થ સાથે કિં. | ૦–૮–૦ | સોનકલના | રૂા. ૪૭–૮–૦ |
| ૨ દેવસીરાઇ પ્રતિક્રમણ સૂત્ર | ૦–૩–૦ | ,, | ૧૫–૦–૦ |
| ૩ પંચપ્રતિક્રમણ પોકેટ સાઇઝ પાકું રેશમી પુઠું | ૦–૮–૦ | ,, | ૪૦–૦–૦ |
| ૪ સામાયિક સૂત્ર વિધિ સાથે | ૦–૧–૦ | ,, | ૪–૦–૦ |
| ૫ ચૈત્યવંદન–ગુરૂવંદન વિધિ સાથે | ૦–૧–૦ | ,, | ૪–૦–૦ |
| ૬ ગહુંલી સંગ્રહ | ૦–૩–૦ | ,, | ૧૫–૦–૦ |
| ૭ રત્નાકર પચ્ચીશી નેમનાથના શ્લોક સાથે. | ૦–૦–૯ | ,, | ૩–૦–૦ |

સિવાય—બાળકોમાં વહેંચવા જેવા. ઉપયોગી પુસ્તકો ઘણી સસ્તી કિંમતે મળશે.

લખો—જૈન સસ્તી વાંચનમાળા–રાધનપુરી બજાર–ભાવનગર.

# જૈન નરરત્ન ભામાશાહનું ચરિત્ર.

હાલના સમયમાં ઇતિહાસનો અભ્યાસ, વાંચન, કથાઓનો આદર જૈન સમાજમાં કેટલાક અંશે વૃદ્ધિગત થતો જોવામાં આવતો હોવાથી, તેમજ દેશમાં, સમાજમાં પણ દેશ અને સમાજસેવાનો પવન જોશભેર ફુંકાતો હોવાથી; અમુક અંશે અમુક મનુષ્યો તેવી સેવા કરતા–ઇચ્છતા હોવાથી પ્રસંગાનુસાર તેમની ભાવનામાં વધારે બળ મળે એ આશયથી ઇતિહાસપ્રસિદ્ધ **જૈન કુલભૂષણ ભામાશાહનું ચરિત્ર** ઐતિહાસિક દૃષ્ટિએ તૈયાર કરાવી છપાવેલ છે. આ ગ્રંથમાં નરરત્ન ભામાશાહનો જ્વલંત દેશ તથા સમાજપ્રેમ–સેવા અને **શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજીની** અહોનિશ ધગધગતી જ્વલંત શાસનદાઝ એ બંને આદર્શો સાથોસાથ ઉભા રહી રાષ્ટ્ર અને ધર્મપ્રેમના પ્રકાશો પાડી રહ્યા છે જે વાંચતાં તે મહાપુરૂષની પ્રભા આપણા જીવનમાં વણી લેવાને સ્હેજે લલચાઇયે છીયે.

શુમારે છત્રીશ ફોર્મ ત્રણશેં પાનાનો સચિત્ર ઉંચા કાગળ પર સુંદર ટાઇપમાં છપાવી સુશોભિત બાઇડીંગથી ગ્રંથ અલંકૃત કરેલ છે. કિં. બે રૂપીયા પોષ્ટેજ જુદું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બાળકો અને માબાપો

(માનસ શાસ્ત્રના કેટલાક મુદ્દાઓ)

(૧) માતાની એક મોટામાં મોટી ફરજ બાળકને પોતાથી દૂર રહેતાં અને પોતાનું વ્યક્તિત્વ ખીલવતાં શીખવાડવાની છે. બાળકો તરફ બહુ જબરો સ્નેહ એક મોટા વિઘ્નરૂપ નીવડે છે. પોતાની માતા વગર ચલાવી લેવાનો ગુણ બાળકમાં જેમ બને તેમ વહેલો ખીલવો જોઈએ. પછી ભલે એ પોતાની માતાને એક મુરબ્બી તરીકે ગણે. (૨) બાળકના સ્વાભાવિક વિકાસને માટે જો કોઈ પણ પરિસ્થિતિ સૌથી વધારે જરૂરની હોય તો તે મા અને બાપ વચ્ચેની એકદિલી છે; અને જો બન્ને પોતપોતાનું સ્વતંત્ર જીવન ગાળનાં હોય તોજ આવી એક દિલી તે બન્ને વચ્ચે ઉદ્ભવી શકે. (૩) માતાએ પોતાની સમગ્ર જાત કે વખત બાળકને આપવાં જોઈએ નહિ. (૪) બાળકને ઘરમાં તેમજ શાળામાં બીજાં બાળકોની સોબતની જરૂર છે, અને તે ઉપરાંત તેને પોતાનાં માબાપની મૈત્રીની જરૂર છે. મા અને બાપે બાળકની સાથે રમવામાં પોતાનાં કામ તરફ બેદરકાર રહેવું ન જોઈએ. કારણકે માબાપ પોતાનાં કામ પર જાય એ વસ્તુ જોવાની પણ એને ખાસ જરૂર છે. (૫) મુરબ્બી મિત્રો કે સાથીની જેમ માબાપે બાળક તરફ વર્તવું જોઈએ. માબાપે બાળકની કક્ષા પર નીચે ઉતરી બાળક સાથે વર્તવું જોઈએ નહિ. કેટલાંક માબાપો તો પોતાનાં બાળકો સાથે મોટા માણસની જેમ વર્તી શકતાંજ નથી. આ પરિસ્થિતિ બન્ને પક્ષને બહુજ દુઃખી કરનારી છે. (૬) પોતાની લાગણીઓ જેમ બદલાય તેમ માબાપોએ પોતાનાં બાળકો તરફ બદલાવું ન જોઈએ એટલેકે પોતાને ગુસ્સો ચડે માટે મારવું, પોતાને પ્રેમ થાય ત્યારે લાડ લડાવવા વિગેરે આ ઉપરાંત પોતે છોકરો કે છોકરીની ઈચ્છા કરી હોય તેનાથી વિરૂદ્ધ બાળકની જાતિ છે, એ વાત બાળકને કોઈ પણ કાળે સૂચનથી પણ જાણવા દેવી ન જોઈએ. દાખલા તરીકે, ઘણાં માબાપો પોતાને છોકરીની ઈચ્છા હોય, અને પછી છોકરો આવે, તો તે છોકરાને છોકરીનાં નામથી કે નારી જાતિમાં સંબોધન કરે છે. (૭) બાળકોને જો ખાતરી હશે કે પોતાની અવિચારી ભૂલો માટે તેમને અયોગ્ય ઠપકો આપવામાં નહિ આવે તો તેઓ હમેશાં શ્રધ્ધા રાખી માબાપને બધું કહેશે, (૮) બાળક આકરું થયું હોય ત્યારે તેને ઘણીવાર માત્ર આરામની જરૂર હોય છે. એક શિક્ષા તરીકે નહિ પણ એક શારીરિક જરૂરીયાત પુરી પાડવા તેને સુવડી આરામ આપવો જોઈએ. (૯) જુઠું બોલવા માટે બાળકોને બહુ શિક્ષા કરવી ન જોઈએ, કારણ ઘણીવાર શું બન્યુ છે, અને તેઓની શી ઈચ્છાઓ છે એ બે વચ્ચેનો ભેદ બાળકો સમજી શકતાં નથી. પરીઓની વાર્તાઓ વગેરે બહુ કહેવાથી હકીકત અને વાર્તા વચ્ચે બાળકોનાં મનમાં ગોટાળો થાય છે તેથી તે પણ બહુ કહેવી ન જોઈએ."

ડા-ડબલ્યુ-ચે-પેટસ.

For Private And Personal Use Only